અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ જુલાઈ ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૧૨

વર્ષ : ૧૫
અંક : ૩૪૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

‘અત્યાર સુધીમાં ૩૮ હજારથી વધુ લોકોના મોત’ | આ વખતે ઈઝરાયેલના હુમલાથી ભૂમધ્ય સમુદ્રના કિનારે લગભગ ૬૦ ચોરસ કિલોમીટરના અંતરે આવેલા સલામત ક્ષેત્રને અસર થઈ

# ગાઝામાં ઈઝરાયેલે ફરી તબાહી મચાવી, હવાઈ હુમલામાં ૬૦થી વધુ લોકો માર્યા ગયા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

મંગળવારે રાત્રે દક્ષિણ અને મધ્ય ગાઝામાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૬૦ થી વધુ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા હતા. આ સિવાય ઈઝરાયેલ દ્વારા જાહેર કરાયેલા સુરક્ષિત વિસ્તાર પર પણ હુમલો કરવામાં આવ્યો છે. પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓએ ઈઝરાયેલના હુમલા અંગે માહિતી આપી છે.

પેલેસ્ટિનિયન ઈસ્લામિક આતંકવાદી જૂથ હમાસે ઈઝરાયલ પર આરબ મધ્યસ્થી અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા મધ્યસ્થી કરાયેલા યુદ્ધવિરામ કરારને પાટા પરથી ઉતારવા ગાઝામાં હુમલાઓ તીવ્ર બનાવવાનો આરોપ મૂક્યો છે. જ્યારે ઈઝરાયેલનું કહેવું છે કે તે હમાસના આતંકવાદીઓને જડમૂળથી ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય અધિકારીઓએ દાવો કર્યો છે કે ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૬૦ લોકોના મોત થયા છે. આ વખતે ઈઝરાયેલના હુમલાથી ભૂમધ્ય સમુદ્રના કિનારે લગભગ ૬૦ ચોરસ કિલોમીટરના અંતરે આવેલા સલામત ક્ષેત્રને અસર થઈ છે.

જ્યાં ઈઝરાયલના કહેવા પર પેલેસ્ટાઈનીઓએ આશરો લીધો હતો.ખાન યુનિસ નાસિર હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારે સૌથી ઘાતક હુમલો તે વિસ્તારની મધ્યમાં આવેલા દક્ષિણ શહેર મુવાસીમાં ખાન યુનિસના બજારની દુકાનો પર થયો હતો. તેમજ રાહત શિબિરો શરણાર્થીઓથી ભરેલી હતી. આ હુમલામાં ૧૭ લોકોના મોત થયા હતા.ઈઝરાયેલ કહે છે કે તે હમાસના આતંકવાદીઓનો પીછો કરી રહ્યું છે જેઓ હુમલા બાદ ભૂગર્ભ ટનલ નેટવર્કને જડમૂળથી ઉખેડીને નાગરિકોની વચ્ચે છુપાયેલા છે. આ હુમલાનો ઉલ્લેખ કરતાં ઈઝરાયેલી સેનાએ એક નિવેદનમાં કહ્યું કે તેણે ખાન યુનિસના પશ્ચિમમાં ઈસ્લામિક જેહાદના નૌકાદળના એકમના કમાન્ડરને નિશાન બનાવ્યું. તેણીએ કહ્યું કે તે એવા અહેવાલો પર વિચાર કરી રહી છે કે નાગરિકો મૃત્યુ પામ્યા છે.ઈઝરાયેલે શનિવારે હમાસના ટોચના લશ્કરી કમાન્ડર મોહમ્મદ ડેઈફ પર હુમલો કર્યો હતો. ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, તે વિસ્ફોટમાં ૯૦ થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. જેમાં બાળકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. હજુ સુધી એ જાણી શકાયું નથી કે બહેરાની હત્યા થઈ છે કે નહીં.ત્યારે ઈઝરાયેલે તાજેતરનો હુમલો કર્યો છે. જ્યારે હમસા અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ પ્રસ્તાવ પર વિચાર કરવામાં આવી રહ્યો છે.





## યુદ્ધને કારણે દરિયાકાંઠાના પેલેસ્ટિનિયન પ્રદેશોમાં માનવતાવાદી વિનાશ સર્જાયો

**નવ મહિનાથી ચાલેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે વાતચીત ચાલુ રહેશે, ભલે ઇઝરાયેલ મોહમ્મદ ડેઇફને નિશાન બનાવે. ઘણા આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીઓ ઇઝરાયેલ અને હમાસ વચ્ચેના કરારની દલાલી કરીને અને ગાઝામાં આતંકવાદી જૂથ દ્વારા બંધક બનેલા લગભગ ૧૨૦ ઇઝરાયેલી નાગરિકોને મુક્ત કરવાનો પ્રયાસ કરીને લડાઈને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ અને હમાસના હુમલાથી શરૂ થયેલા યુદ્ધમાં ગાઝા યુદ્ધ ક્ષેત્રમાં ૩૮,૬૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. યુદ્ધને કારણે દરિયાકાંઠાના પેલેસ્ટિનિયન પ્રદેશોમાં માનવતાવાદી વિનાશ સર્જાયો છે, તેની મોટાભાગની ૨.૩ મિલિયન વસ્તીને વિસ્થાપિત કરી છે અને આ વિસ્તારમાં દુષ્કાળ સર્જાયો છે.હમાસના ઓક્ટોબર હુમલામાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા, જેમાં મોટાભાગે નાગરિકો હતા અને આતંકવાદીઓએ લગભગ ૨૫૦ને બંધક બનાવ્યા હતા.**

દેશમાં બેરોજગારીની સ્થિતિનો વધુ એક પુરાવો

# મુંબઈ એરપોર્ટ પર ૬૦૦ હેન્ડીમેનની ભરતી સામે ૨૫ હજારની અરજી

| (એજન્સી) મુંબઈ, તા.૧૭ |

દેશમાં બેરોજગારીની સ્થિતિનો વધુ એક પુરાવો જોવા મળ્યો છે. એરપોર્ટ લોડર્સની ભરતી માટે મોટી સંખ્યામાં ઉમેદવારો ઉમટી પડતાં નાસભાગની સ્થિતિ સર્જાઈ હતી. ગુજરાતના ભરૂચ બાદ મુંબઈના કલિના વિસ્તારમાં એર ઈન્ડિયા એરપોર્ટ સર્વિસિઝ લિ. દ્વારા આયોજિત વોક-ઈન ઈન્ટરવ્યૂમાં મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડતાં વ્યવસ્થા ખોરવાઈ હતી. ઈન્ટરવ્યૂ માટે પહેલાં જવાની હોડમાં યુવાનોએ ધક્કામુક્કી કરતાં અફરાતફરી મચી હતી. એરપોર્ટ લોડર્સ અર્થાત હેન્ડીમેન એરપોર્ટ પર જાળવણી અને સમારકામનું કામ કરે છે. જેના ફોર્મ કાઉન્ટર પર જ ફોર્મ લેવા પડાપડી થઈ હતી. અરજદારો કલાકો સુધી ફૂડ અને પાણી વિના પોતાનો વારો આવે તેની રાહ જોઈ રહ્યા હતા. એરપોર્ટ લોડર્સ પર ૬૦૦ પદ માટે ૨૫૦૦૦થી પણ વધુ અરજી થઈ હતી. આ પદનું પગાર ધોરણ ૨૦૦૦૦-૨૫૦૦૦ હતું. જો કે, ઓવરટાઈમ અલાઉન્સ સાથે રૂ.



૩૦૦૦૦ પ્રતિ માસ છે. શૈક્ષણિક લાયકાત સામાન્ય હતી. બસ, ઉમેદવાર શારીરિક રીતે સક્ષમ હોવો જરૂરી હતો. બુલધાણા જિલ્લાનો પ્રથમેશ્વર હેન્ડીમેનના ઈન્ટરવ્યૂ માટે ૪૦૦ કિમી દૂરથી આવ્યો હતો. જેને રૂ. ૨૨૫૦૦નો પગાર ઓફર કરવામાં આવ્યો હતો. પ્રથમેશ્વર બીબીએનો વિદ્યાર્થી છે. જેને પાસે કોઈ રોજગાર ન હોવાથી તે આ પોસ્ટ માટે ઈન્ટરવ્યૂ આપવા આવ્યો હતો. તેણે સરકારને નોકરીની વધુ તકોનું સર્જન કરવા અપીલ કરી હતી. બી.એ.ની ડિગ્રી ધરાવતો યુવાન જાણતો પણ ન હતો કે, હેન્ડીમેન શું કામ કરે છે, પરંતુ તેની પાસે કોઈ નોકરી ન હોવાથી તેને માત્ર કામ જોઈતું હતું.

## ન્યૂઝ બ્રિફ

### યશસ્વી જયસ્વાલ ટી-૨૦ રેન્કિંગમાં અંતે છઠ્ઠા નંબર પર પહોંચી ગયો



| નવી દિલ્હી, તા.૧૭ |

ઈન્ડિયા વિરુદ્ધ ઝિમ્બાબ્વે પાંચ મેચની સિરીઝ દરમિયાન ટીમ ઈન્ડિયાના શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલના બેટથી ખૂબ રન નીકળ્યા અને તેનો ફાયદો બંનેને ચાલુ ટી૨૦ રેન્કિંગમાં પણ મળ્યો. યશસ્વી જયસ્વાલને ચાર સ્થાનનો ફાયદો મળ્યો છે અને તે હવે છઠ્ઠા નંબર પર પહોંચી ગયો છે. ઋતુરાજ ગાયકવાડને એક સ્થાનનું નુકસાન થયું અને તે ૮માં નંબરે પહોંચી ગયો છે. સૂર્યકુમાર યાદવ આ સિરીઝનો ભાગ નહોતો, જોકે તેની રેંકિંગ પર કોઈ અસર પડી નથી અને તે બીજા નંબરે છે. પહેલા નંબરે ઓસ્ટ્રેલિયા બેટ્સમેન ટ્રેવિલ હેડ છે. આ રીતે ટોપ-૧૦ ટી૨૦ બેટર્સમાં ત્રણ ભારતીય ખેલાડી સામેલ છે. શુભમન ગિલને રેન્કિંગમાં ૩૬ સ્થાનનો ફાયદો મળે છે અને તે હવે ૩૭માં નંબરે પર આવી ગયો છે.

૮માં પગારપંચનું સૌથી મોટું અપડેટ

# સરકારી કર્મચારીઓને આવતા અઠવાડિયે મળશે ખુશખબરી!

**એવી અપેક્ષા છે કે ત્રીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર બજેટમાં ૮મા પગાર પંચની રચનાની જાહેરાત કરી શકે છે**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરવા જઈ રહ્યા છે. બજેટ પહેલા કેન્દ્રીય કર્મચારીઓએ પોતાની માંગણીઓ બજેટમાં રજૂ કરી છે. કર્મચારીઓની તમામ માંગણીઓમાં ૮માં પગારપંચની રચના સૌથી અગ્રણી માંગણીઓમાંની એક છે. અગાઉ, ૬ જુલાઈએ કેબિનેટ સચિવને લખેલા પત્રમાં, કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને કામદારોના સંઘે બજેટ ૨૦૨૪ પહેલા તેની માંગણીઓ રજૂ કરી હતી. આ ઉપરાંત કર્મચારી સંઘે ૮મા પગાર પંચની રચના માટે સરકારને પ્રસ્તાવ પણ આપ્યો છે. એવી અપેક્ષા છે કે ત્રીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર બજેટમાં ૮મા પગાર પંચની રચનાની જાહેરાત કરી શકે છે. ૨૦૨૪-૨૫ના બજેટમાં સરકારી કર્મચારીઓને સારા સમાચાર મળી શકે છે.

દિલ્હી હાઈકોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો | કેજરીવાલના રેગ્યુલર જામીનની સુનાવણી ૨૯ જુલાઈએ થશે

# કેજરીવાલ ચૂંટાયેલા મુખ્યમંત્રી, કોઈ આતંકી નથી : એડવોકેટ

| (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ |

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન અને CBI દ્વારા તેમની ધરપકડને પડકારતી અરજી પર દિલ્હી હાઈકોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. કેજરીવાલના રેગ્યુલર જામીનની સુનાવણી ૨૯ જુલાઈએ થશે. કોર્ટે કહ્યું કે તે વચગાળાના જામીન પર નિર્ણય અનામત રાખે છે. નિર્ણય લખવામાં ૫-૭ દિવસ લાગશે. ૨૯મી જુલાઈના રોજ નિયમિત જામીનની સુનાવણી હાથ ધરવામાં આવશે.

લીકર પોલીસી કૌભાંડમાં CBI કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર બુધવારે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. કેજરીવાલ વતી હાજર રહેલા એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ દિલ્હી હાઈકોર્ટમાં CBIની ધરપકડ પર



સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે છેલ્લા બે વર્ષમાં સીબીઆઈએ કેજરીવાલની ધરપકડ કરી ન હતી, પરંતુ જ્યારે તેમને ઈડી કેસમાં રાહત મળવાની હતી ત્યારે તેણે તેમની ધરપકડ કરી હતી. સિંઘવીએ કોર્ટ સમક્ષ રજૂઆત કરતા કહ્યું કે કેજરીવાલ ચૂંટાયેલા મુખ્યમંત્રી છે, તે આતંકવાદી નથી. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ હાઈકોર્ટને જણાવ્યું કે તેઓ કોર્ટ સમક્ષ ત્રણ ચુકાદા લઈને લાવ્યા છે, જેમાં નીચલી કોર્ટ દ્વારા કેજરીવાલને આપવામાં આવેલ વચગાળાના જામીન, ચૂંટણી પ્રચાર માટે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ વચગાળાના જામીન અને તાજેતરના ED કેસમાં મળેલા જામીનનો સમાવેશ થાય છે. સિંઘવીએ કહ્યું, જ્યારે કેજરીવાલને જામીન મળવાના હતા, ત્યારે CBI દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ ૨ વર્ષ સુધી તેમની ધરપકડ કરી નહોતી. તેમનું નિવેદન નોંધ્યા બાદ પણ સીબીઆઈને તેમની ધરપકડની જરૂર જણાઈ નહોતી. ઈડી દ્વારા નોંધાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળી ચૂક્યા છે. SCએ જામીન મંજૂર કર્યા છે, તેનો અર્થ તે છે કે SC સંતુષ્ટ હતી કે જામીન પર હોય ત્યારે કેજરીવાલ પુરાવા સાથે છેડછાડ કરશે નહીં અથવા સાક્ષીઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે નહીં.

### ભારે હલચલ વચ્ચે મોદીએ દિગ્ગજ નેતા સાથે કરી બેઠક

| નવી દિલ્હી, તા.૧૭ |

ભાજપ દ્વારા લોકસભા ચૂંટણી-૨૦૨૪માં નબળા પ્રદર્શન અંગે હજુ પણ સમીક્ષાનો દોર ચાલી રહ્યો છે, ત્યારે ઉત્તર પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક કલાક બેઠક કરી છે. આ બેઠકમાં રાજ્યમાં ભાજપના કંગાળ પ્રદર્શન મુદ્દે ચર્ચાઓ થઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ બેઠકમાં ચૌધરીને પૂછવામાં આવ્યું છે કે, તમને જાણ હતી કે, ઉત્તર પ્રદેશમાં ભાજપને ઓછા મત મળવાના છે, પરંતુ આટલી ઓછી બેઠકો જીતીશું.

# ચીનના રાષ્ટ્રપતિને શી જીનપિંગને આવ્યો સ્ટ્રોક

| (એજન્સી) બેઈજીંગ, તા.૧૭ |

ચીનના સોશિયલ મીડિયા પર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને સ્ટ્રોક આવ્યો હોવાના સમાચાર અંગે ખૂબ ચર્ચા થઈ રહી છે. સોશિયલ મીડિયાની ચર્ચા મુજબ, CCP મીટિંગ દરમિયાન રાષ્ટ્રપતિ જિનપિંગને સ્ટ્રોક આવ્યો હતો. જોકે હાલમાં આ અંગે કોઈ સત્તાવાર સમર્થન નથી, પરંતુ આ વાયરલ સમાચારે હલચલ મચાવી દીધી છે. ચીનની રાજનીતિ માટે આ બેઠક ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પાંચ વર્ષમાં એક વખત યોજાતી આ બેઠકમાં ચીનની ભાવિ દિશા નક્કી કરવામાં આવે છે. આ CCP બેઠક સોમવારથી શરૂ થઈ હતી અને ગુરુવારે સમાપ્ત થવાની હતી. ચીનની અર્થવ્યવસ્થાએ છેલ્લા પાંચ ત્રિમાસિક ગાળામાં સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે અને તેના કારણે ચીનના રાષ્ટ્રપતિ પર દબાણ વધી રહ્યું છે. ૧૫મી જુલાઈએ ચીનની સરકારે બીજા ક્વાર્ટરના આંકડા જાહેર કર્યા હતા, જેમાં વિકાસ દર ૪.૭ ટકા હતો. આ આંકડા અપેક્ષા કરતા ઘણા ઓછા હતા. પ્રથમ ક્વાર્ટરમાં આ દર ૫.૩ ટકા હતો. આ ચિંતા વચ્ચે શી જિનપિંગે એક બેઠક બોલાવી છે, જેમાં ચીનની ઘટતી અર્થવ્યવસ્થા પર ચર્ચા કરવામાં આવી રહી છે. આ બેઠકને થર્ડ પ્લેનમ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં દેશની આર્થિક નીતિઓ પર ચર્ચા કરવામાં આવી છે. હાલમાં ચીનની કથળતી અર્થવ્યવસ્થા તેના માટે કોઈ મોટા પડકારથી ઓછી નથી.

# IAS પૂજા ખેડકરને મસૂરી એકેડમીમાં પરત મોકલાઈ

| (એજન્સી) મુંબઈ, તા.૧૭ |

મહારાષ્ટ્ર સરકારે છેલ્લા ઘણા દિવસોથી વિવાદોમાં ઘેરાયેલી IAS પૂજા ખેડકરને મસૂરી એકેડમીમાં પરત મોકલી દીધી છે. રાજ્ય સરકારે પૂજા ખેડકરની તાલીમ રદ કરી છે. MBBS ડોક્ટર IAS બનેલી પૂજા ખેડકર પર IAS બનવા માટે ખોટા મેડિકલ અને OBC પ્રમાણપત્ર (નોન-ક્રીમ લેયર)નો ઉપયોગ કરવાનો આરોપ છે. કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલી પેનલનો રિપોર્ટ આવે તે પહેલા રાજ્ય સરકારે ખેડકર સામે કાર્યવાહી કરી છે. વર્ષ ૨૦૨૨માં UPACPમાં સિલેક્ટ થયેલી પૂજા ખેડકરને ઓલ ઈન્ડિયામાં ૮૨૧મો રેંક મળ્યો હતો. મસૂરીમાં જરૂરી તાલીમ બાદ પૂજા ખેડકરને મહારાષ્ટ્ર કેડર મળી. આ પછી, તેમને લોકસભા ચૂંટણી પહેલા પુણેમાં ટ્રેઈની IAS તરીકે પોસ્ટ કરવામાં આવી હતી. જ્યાં તેણે વીઆઈપી નંબર પ્લેટ, લાલ લાઈટ અને કેબિન કેપ્ચરના મામલા બાદ વિવાદોમાં ફસાઈ ગઈ હતી. આ પછી પૂજા ખેડકરની વાશિમ બદલી કરવામાં આવી હતી. અહીં તેને આસિસ્ટન્ટ કલેક્ટર સુપર ન્યુમેરરી બનાવવામાં આવી હતી. પૂજા ખેડકરની માતાનું નામ મનોરમા ખેડકર છે, જે મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના પાથર્ડી તાલુકામાંથી આવે છે. તેમના પિતાનું નામ દિલીપ ખેડકર છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પૂજા ખેડકરે એસએસસીની પરીક્ષા ૮૩ ટકા માર્ક્સ સાથે અને ૧૨ માં ધોરણની પરીક્ષા ૭૪ ટકા માર્ક્સ સાથે પાસ કરી હતી.



### રાજ્યમાં ૪૭ તાલુકામાં પડ્યો નોંધપાત્ર વરસાદ

## ગીરસોમનાથમાં ખાબક્યો ૫ ઈંચ તો જુનાગઢના માંગરોળમાં પડ્યો ૩ ઈંચ વરસાદ

**રાજ્યના અનેક તાલુકાઓમાં મેઘરાજા મનમુકીને વહાલ વરસાવી રહ્યા છે આજના દિવસે રાજ્યના ૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં સર્વત્ર વરસાદી માહોલ જામ્યો છે. આજે રાજ્યના ૪૭ તાલુકામાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. ગીરસોમનાથમાં ધમાકેદાર બેટીંગ કરતા એકસાથે ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે જુનાગઢના માંગરોળમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ૪૮ કલાકની સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્યના અનેક તાલુકાઓમાં મેઘરાજા મનમુકીને વહાલ વરસાવી રહ્યા છે. આજના દિવસે રાજ્યના ૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. રાજ્યના ૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જ્યારે સૌથી વધુ ગીરસોમનાથમાં ૫ ઈંચ વરસાદ પડ્યો છે. જુનાગઢના માંગરોળમાં ૩ અને માળિયાહીટીનામાં ૨ ઈંચ વરસાદ પડ્યો છે.જુનાગઢની વાત કરીએ તો અહીં મેઘરાજાએ જમાવટ કરી છે. જુનાગઢના માંગરોળમાં મેઘરાજા મન મુકીને વરસ્યા. હવામાન વિભાગના આંકડા મુજબ માંગરોળમાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. જે બાદ અનેક નીચાણવાળા વિસ્તારો પાણી-પાણી થયા છે. આ તરફ ટાવરચોક, બસસ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાયા. જ્યારે માળીયા હાટીનામાં પણ ૨ ઈંચ વરસાદ વરસ્યો છે. અસહ્ય ગરમી વચ્ચે મેઘમહેર થતા નાગરિકોએ રાહતનો અનુભવ કર્યો.

### અનેક ગામો વરસાદના પાણીમાં ડૂબ્યા

## વલસાડના ભેંસાધરા ગામમાં નદીના ભારે પ્રવાહમાં જીવના જોખમે અંતિમયાત્રા કાઢવા લાચાર

**લોકો નિયત વિધિ પૂર્ણ કરવા સ્મશાન જવા નદીમાં પસાર થવા મજબૂર થયા છે જીવના જોખમે નદીના પાણીમાં અંતિમયાત્રા કાઢી છે**

। (એજન્સી) વલસાડ, તા.૧૭ ।

વલસાડ જીલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. અનેક ગામો વરસાદના પાણીમાં ડૂબ્યા છે. સાંબેલાધાર વરસાદથી નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે. નદીનાં ધસમસતા પ્રવાહમાં અંતિમયાત્રા નીકળી છે. લોકો નિયત વિધિ પૂર્ણ કરવા સ્મશાન જવા નદીમાં પસાર થવા મજબૂર થયા છે. જીવના જોખમે નદીના પાણીમાં અંતિમયાત્રા કાઢી છે.ભેંસધરા ગામમાં લોકો કોઝવે કે પુલના અભાવે આવનજાવન કરી શકતા નથી. વલસાડ પ્રશાસને પ્રજાની સુરક્ષા અને સાવધાનીની તકેદારીરૂપે કોઝવે કે પુલનું બાંધકામ કરાવવું જોઈએ તેવી માગ ઉઠી છે. પ્રધાનમંત્રી ગ્રામ સ્વરાજ યોજના હેઠળ દરેક ગામમાં પાકી સડક બનાવવા કેન્દ્ર સરકાર પૂરતું ભંડોળ ફાળવે છે. એટલું જ નહીં, રાજ્ય અને કેન્દ્રમાં ડબલ એન્જીનની સરકાર હોવા છતાં હજું સુધી અંતરિયાળ ગામ એવા ભેંસાધરા ગામનો વિકાસ શા માટે નથી થયો? શા માટે ગ્રામજનોને પાયાની એવી માળખાગત સુવિધાથી વંચિત રાખવામાં આવ્યા છે. વિધાનસભામાં ૧૫૬થી પણ વધુ બેઠક હોવા છતા પણ પાયાગત સુવિધા કેમ પૂરી પાડવામાં આવી નથી. ધરમપુરના લોકો આ મામલે સરકારને રજૂઆત કરવા છતાં કોઈ હકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી.

### અમદાવાદ સિવિલમાંથી સેમ્પલ લઈ લેબમાં મોકલાયા

## ચાંદીપુરા વાયરસનો કહેર, રાજ્યમાં આઠ બાળકોના મૃત્યુ થયાં છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ગુજરાતમાં ચાંદીપુરા નામના વાયરસને કારણે ૮ બાળકોના મૃત્યુ થયાં છે. રાજ્યમાં ૮૫૦૦થી વધુ ઘરો અને ૪૭ હજારથી વધુ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધીમાં ૧૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે. આ વાયરસને કારણે ગુજરાત અને દેશની આરોગ્ય એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી છે. આ વાયરસ હવે અમદવાદ અને પંચમહાલ સુધી પહોંચ્યો છે. ગુજરાતમાં ૬ જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો કહેર વ્યાપી ગયો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરાનો કેસ આવ્યો છે. સાત વર્ષના બાળકને લક્ષણો દેખાતા દાખલ કરાયો હતો. અમદાવાદ સિવિલમાંથી સેમ્પલ લઈ લેબમાં મોકલાયા છે. દહેગામના અમરાજી મુવાડા ગામનો દર્દી



દાખલ થયો છે. પંચમહાલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી એક બાળકનું મૃત્યુ નીપજ્યું હોવાની વિગતો મળી છે. ગોધરાના કોટડા ગામમાંથી શંકાસ્પદ ચાંદીપુરાનો કેસ મળ્યો હતો. જે બાદ વડોદરામાં બાળકીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.

હિંમતનગર સિવિલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના ૮ લોકોના સેમ્પલ પુણે ખાતે મોકલાયા હતા. જેમાથી ચાર બાળકોના રિપોર્ટ આવ્યા છે. આ ચાર રિપોર્ટમાંથી એક પોઝેટીવ અને ત્રણ નેગેટીવ આવ્યો છે. રિપોર્ટમાં અરવલ્લીના મોટા કંથારીયા ગામની ૬ વર્ષીય બાળકીનુ ચાંદીપુરા વાઈરસથી મૃત્યુ થયુ છે.

સાબરકાંઠા અરવલ્લી અને રાજસ્થાનના બાળકોના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૬ બાળકોના મૃત્યુ થયાં છે અને હજી બે બાળકો સારવાર હેઠળ છે. મહેસાણા જિલ્લામાં વરેઠા, ડાભલામાં આ વાયરસના બે શંકાસ્પદ કેસ નોંધાતા બાળકોને વડનગર અને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગની ટીમ હરકતમાં આવી છે અને બંને બાળકોના ઘર અને આસપાસના વિસ્તારમાં સરવેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. હાલમાં બંને બાળકોના સેમ્પલ પુના લેબમાં મોકલાયા છે.

### નગરપાલિકાઓનો વહીવટ ખાડે ગયો

## રાજ્યની નગરપાલિકામાંથી ૧૦૭ નગરપાલિકામાં પગારના પણ ફાંફા

**નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ એટલી કથળી છે કે કર્મચારીઓને પગાર ચૂકવવાના પણ નાણા નથી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

વિકસિત ગુજરાતના દાવાથી હકીકત સાવ વિપરીત જ જોવા મળી રહી છે. રાજ્યની કુલ ૧૫૭ નગરપાલિકામાંથી ૧૦૭ નગરપાલિકામાં પગારના પણ ફાંફા છે. કાયમી કર્મચારીઓનો છેલ્લાં બેથી ત્રણ મહિનાનો પગાર જ થયો નથી. સત્તાધીશોના સમૃદ્ધ ગુજરાતના દાવાથી વિપરીત બીજી તરફ નગરપાલિકાનું તંત્ર રીતસર ખાડે ગયું છે. નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ એટલી કથળી છે કે કર્મચારીઓને પગાર ચૂકવવાના પણ નાણા નથી. બીજી બાજુ સત્તાધીશો વાઈબ્રન્ટ ગુજરાતના દાવા કરે છે. મોટાભાગની પાલિકાઓની તિજોરી ખાલીખમ થઈ ગઈ છે. કેટલીય નગરપાલિકાઓ વીજબિલ ભરવા પણ સક્ષમ નથી. લાખો રૂપિયાનો પાણી વેરો ભરવાનો બાકી છે. પડતા પર પાટુ મારતા હોય તેમ રાજ્ય સરકારે ઓકટ્રોયની ગ્રાન્ટ રોકી રાખી છે. આ મુદ્દે ઉચ્ચસ્તરે રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજી સુધી સ્થિતિમાં કોઈ ફેર પડ્યો નથી. આ અવ્યવસ્થાની સ્થિતિના પગલે હજારો કર્મચારીઓ પગારથી વંચિત રહ્યા છે. સરકારી કર્મચારીઓને ઘરના બે છેડા ભરવા મુશ્કેલ થઈ ગયા છે. આ નગરપાલિકાઓ માટે આવકનો કોઈ સ્રોત જ નથી. તેના લીધે આગામી સમયમાં પગાર મામલે આંદોલન થઈ શકે છે.

### ફરી એકવાર બાળકી સાથે અડપલાની ઘટના નોંધાઇ

## કૃષ્ણનગરમાં એકલતાનો લાભ લઈ સગીરા પર ત્રાટક્યો નરાધમ

**કૃષ્ણનગર પોલીસે આ મામલે પોક્સોનો ગુનો દાખલ કરી ગુનામાં સામેલ વૃદ્ધ આરોપીની ધરપકડ કરી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ફરી એકવાર બાળકી સાથે અડપલા ની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. કૃષ્ણનગર વિસ્તારમાં ૧૧ વર્ષની બાળકી સાથે ૫૯ વર્ષના વૃદ્ધે શારીરિક અડપલાં કરતા ફરિયાદ નોંધી પોલીસે વૃદ્ધ ની ધરપકડ કરી છે. અમદાવાદના કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં એક ફરિયાદ થઈ છે. જેની વિગતો એવી છે કે, નરાધમ એક વૃદ્ધ એટલે કે ૫૯ વર્ષનો છે જેને એક માસુમ બાળકી સાથે શારીરિક અડપલાં કરતા આજે તેને મંદિર જવાના બદલે જેલમાં જવાનો વારો આવ્યો છે. પોલીસ ચોપડે નોંધાયેલી ફરિયાદની વિગતોની વાત કરીએ તો કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ એક સોસાયટીમાં રહેતી ૧૧ વર્ષની બાળકી ગત ૦૫ જુલાઈ ૨૦૨૪ ના રોજ પોતાના ટ્યુશનમાંથી છૂટીને ઘરે આવતી હતી. ત્યારે સોસાયટીના નાકે સાંજે ૭:૦૦ વાગે આસપાસ બાળકીની સોસાયટીમાં જ રહેતા આ વૃદ્ધ નરાધમે એકલતાનો લાભ લઈ તેને બાથમાં લઈને શારીરીક ચેનચાળા કર્યા હતા. જોકે બાળકીએ ઘરે જઈને માતા પિતાને સમગ્ર બનાવ અંગે જાણ કરી હતી ત્યારે પરિવારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતીઘટનાને થોડા દિવસ બાદ બાળકી ના માસી ૧૩ જુલાઈએ રાત્રિના સમયે તેમના ઘરે આવ્યા હતા.

### પશ્ચિમ વિસ્તાર દિવસેને દિવસે વિકાસ કરી રહ્યો છે

## પશ્ચિમ વિસ્તાર સામાન્ય વરસાદથી પાણીમાં ગરકાવ

**માળખાગત સુવિધાના અભાવથી વધુ ટેક્સ આપવા છતાં શહેરીજનો ચોમાસામાં રાહત મેળવી શકતા નથી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ શહેરમાં પશ્ચિમ વિસ્તાર દિવસે ને દિવસે વિકાસ કરી રહ્યો છે. એક બાજુ પશ્ચિમ શહેરને દિલ્હી, મુંબઈ જેવો વૈભવી બનાવવામાં આવે છે તો એ જ વિસ્તારને પાયાની સુવિધાથી વંચિત રાખવામાં આવ્યો હોય તેમ દેખાઈ રહ્યું છે. સામાન્ય વરસાદથી રસ્તાઓ પર ભુવા પડી ગયા છે, કેટલાય રોડનું ધોવાણ થઈ ગયું છે. માળખાગત સુવિધાના અભાવથી વધુ ટેક્સ આપવા છતાં શહેરીજનો ચોમાસામાં રાહત મેળવી શકતા નથી. ત્યારે ગઈકાલે અમદાવાદમાં તમામ વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. પશ્ચિમ વિસ્તારમાં આવેલા રિંગ રોડ પરની બીજી તરફ આવેલા સનાથલ, શેલા, બોપલ-ઘુમા અને શીલજમાં લાખો લોકો રહે છે. આ વિસ્તાર છેલ્લા બે મહિનાથી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ(ઔડા) અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અણઘડ આયોજનના કારણે હેરાન થઈ ગયા છે. એક રિપોર્ટમાં જણાવાયું છે કે કરોડો રૂપિયાના ઘરોમાં રહેતા લોકોને ગટરની દુર્ગંધનો સામનો કરવો પડે છે અને ગટરોના ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે.આ ઉપરાંત રોડ બંધ હોવાથી એક કિલોમીટર ફરીને જવાનો વારો આવ્યો છે. છેલ્લા એક મહિનાથી રોડનું કામ ચાલી રહ્યું છે તેના કારણે એક જ તરફનો રોડ ચાલુ રાખવાથી ધૂળ ઉડવાના કારણે મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ છે.તેની સાથે સાથે બ્રિજની કામગીરીના પગલે પણ ટ્રાફિકનો પણ સામનો કરવો પડી રહ્યો છે.એપલવૂડ ટાઉનશીપ અને સ્વાતિ ટ્રીનીટી નામની બે બિલ્ડિંગ આવેલી છે. તેની નજીકમાં જવાનો રસ્તો છેલ્લા એક વર્ષથી બંધ હાલતમાં છે, બંને બિલ્ડીંગની બહાર ગટરનું ગંદુ પાણી જોવા મળ્યું હતું અને ગંદકી જોવા મળી હતી. થોડા દિવસ અગાઉ પડેલા ભારે વરસાદમાં શેલાના ક્લબ ઓ સેવન રોડ પર ઓર્ચિડ સ્કાય નજીક એક મોટો ભુવો પડ્યો હતો. આ મોટા રોડના બ્રેકડાઉન થવાના કારણે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા)દ્વારા ત્યાં મુખ્ય ગટર લાઈનનું કામ હવે શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે ૪૫ દિવસ માટે રોડ બંધ કરી દેવાયો છે. VIP રોડ પર છેલ્લા એક મહિનાથી ખોદકામ કરવામાં આવી રહ્યું છે. રોડ પર ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી છે. એક જ તરફનો રોડ ચાલુ હોવાના કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સાઉથ બોપલના લોકોને એસ.જી હાઈવે તરફ જવું હોય તો તેઓ VIP રોડનો ઉપયોગ કરે છે ત્યારે આ રોડ ઉપરથી અવરજવર માટે લોકોને તકલીફ પડી રહી છે. વીઆઈપી રોડથી કલબ ઓ સેવન તરફ જવાનું આ રોડ ઉપર પણ એક તરફના રોડની કામગીરી ચાલી રહી છે. જેથી ત્યાંથી પણ લોકોને પસાર થવા માટે એક જ તરફના રોડનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. છેલ્લા એક મહિનાથી ખોદકામના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.એસપી રિંગ રોડ પર ઓવરબ્રિજની કામગીરી મંથરગતિએ કરવામાં આવી રહી છે. શીલજ સર્કલ પાસે ખૂબ જ ટ્રાફિકજામ થઈ જાય છે. જે લોકોને રિંગરોડ પરથી શીલજ બાજુ નીચેની તરફ જવું છે ત્યાં પણ સર્વિસ રોડ પર બ્રિજની કામગીરી ચાલી રહી છે.

### નાકાબંધી પોઈન્ટ કોઈપણ રાજ્ય કે જિલ્લા માટે મહત્વનો હોય છે

## નાકાબંધી પોઇન્ટ પર તોડબાજી રોકવા પોલીસ કમિશનરની સલાહ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

નાકાબંધી પોઈન્ટ કોઈપણ રાજ્ય કે જિલ્લા માટે મહત્વનો હોય છે. નાકાબંધી પોઈન્ટ પર તોડ કરાતી હોવાના કિસ્સા અનેક વખત સામે આવ્યા છે. જેને લઈને પોલીસ કમિશ્નરે ઉપરી અધિકારીઓને નાકાબંધી પોઈન્ટ પર સરપ્રાઈઝ ચેકિંગની સૂચના આપી હતી. અધિકારીઓએ સાદાવેશમાં નાકાબંધી પોઈન્ટ પર જવાનું હતું. જો કે પોલીસ કમિશ્નરની સલાહ અધિકારીઓ 'ઘોળીને પી ગયા' જેવા ઘાટ દેખાય છે. પોલીસ ગુનેગારોને પકડયા હોવાના અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. તેમજ પોતાની ફરજ દરમ્યાન સરપાઈઝ્ર ચેકિંગ કરી કેટલીક વખત પોલીસના જ માણસો તોડમાં સંડોવાયેલા હોવાનું સામે આવતા કાર્યવાહી કરાય છે. જો કે હાલમાં પોલીસ કમિશનરના આદેશ બાદ પણ નાકાબંધી પોઈન્ટ પર કરાતા તોડનો કોઈ તોડ થયો નથી. અધિકારીઓને ખાનગી વાહનમાં, સાદા કપડા પહેરી, પોલીસકર્મી સિવાય અન્ય માણસોને સાથે લઈ સામાન્ય માણસની જેમ નાકાબંધી પોઈન્ટ પર જવાના આદેશ અપાયો હતો. આ આદેશને ૮ મહિના જેટલો સમય થયો હોવા છતાં કોઈપણ કેસ નોંધાયો નથી એટલે કે આજ સુધી એક પણ નાકાબંધી પોઈન્ટ પર કોઈપણ પોલીસકર્મી ટ્રેકમાં પકડાયો નથી. હકીકતમાં તો ઉચ્ચ અધિકારીઓ સરપ્રાઈઝ ચેકિંગમાં ના નીકળતા કોઈ ટ્રેપમાં ફસાયા નથી. જણાવી દઈએ કે રાજયમાં પોલીસકર્મીમાં અધિકારીઓથી લઈને કોન્સ્ટેબલ સુધી તમામને જુદા-જુદા સમયે ડયુટી અપાતી હોય છે.

### ઉત્તરીય વિસ્તારના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો

## અરવલ્લીમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો, વાત્રક ડેમમાં પાણીની આવક નોંધાઈ

। (એજન્સી) અરવલ્લી, તા.૧૭ ।

ભિલોડા, શામળાજી અને મોડાસાના ઉત્તરીય વિસ્તારના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. પવન સાથે ધોધમાર વરસાદને લઈ સ્થાનિકો અને ખેડૂતોમાં મેઘરાજાએ ખુશીઓનો માહોલ સર્જી દીધો હતો. જોકે બાયડ અને ધનસુરામાં હળવો વરસાદ નોંધાયો હતો.અરવલ્લી જિલ્લામાં અંતિમ ચોવીસ કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ભિલોડા, શામળાજી અને મોડાસાના ઉત્તરીય વિસ્તારના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. પવન સાથે ધોધમાર વરસાદને લઈ સ્થાનિકો અને ખેડૂતોમાં મેઘરાજાએ ખુશીઓનો માહોલ સર્જી દીધો હતો. જોકે બાયડ અને ધનસુરામાં હળવો વરસાદ નોંધાયો હતો.ભિલોડા અને શામળાજી સહિત મોડાસાના ઉત્તર વિસ્તારના સરડોઈ, દાવલી અને સુનોખ સહિતના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભિલોડા અને મોડાસા તથા મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જામવાને લઈ સ્થાનિકોમાં અને ખેડૂતોમાં ખુશી છવાઈ હતી. ભિલોડામાં અંતિમ ચોવીસ કલાક દરમિયાન અઢી ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. મેઘરજમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ઉપર વાસમાં પણ વરસાદને પગલે માલપુર તાલુકામાંથી પસાર થતી વાત્રક નદીમાં પાણીના નવા નીર આવ્યા હતા. લગભગ ૭૦૦ ક્યુસેક જેટલા પાણીની આવક રાત્રી દરમિયાન વાત્રક ડેમમાં નોંધાઈ હતી. જે પાણીની આવક વહેલી સવાર સુધી નોંધાઈ હતી.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચરનું ડેલિગેશન

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જાપાનના શિઝૂઓકા પ્રીફેક્ચરના ૧૮ સભ્યોના ડેલિગેશને ગાંધીનગરમાં લીધી હતી. જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર એસેમ્બલીના સભ્ય અને ત્યાંની એસેમ્બલીના ઈન્ડીયા-જાપાન ફ્રેન્ડશીપ પાર્લામેન્ટ લીગના સેક્રેટરી જનરલ શ્રીયુત્ત આત્સુયુકી રાચીના નેતૃત્વમાં આ ડેલિગેશન ગુજરાતની મૂલાકાતે આવેલું છે.



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સાથેની આ સૌજન્ય મૂલાકાત બેઠકમાં તેમણે ગુજરાત સાથે વાણિજ્યીક સંબંધો ઉપરાંત પીપલ ટુ પીપલ કનેક્ટ, શિક્ષણ અને સંશોધન તથા પ્રવાસન અને સાંસ્કૃતિક ક્ષેત્રે સંબંધોનો સેતુ લાંબા ગાળા સુધી સૌહાર્દપૂર્ણ રીતે આગળ ધપાવવાની ઉત્સુકતા દર્શાવી હતી.

શિઝૂઓકા પ્રદેશ જાપાનમાં મેક ઈન જાપાન ઉધોગોમાં ચોથા ક્રમનું અગત્યનુ સ્થાન ધરાવે છે. એટલુ જ નહિ, સૂઝુકી, યામાહા, હોન્ડા અને ટોયટો જેવા ઓટોમોબાઈલ ઉધોગો શિઝૂઓકા પ્રદેશમાં વિશેષ મહત્વ ધરાવે છે તેની ભૂમિકા તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે ડેલિગેશનને આવકારતા કહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપમાં ભારત-જાપાનના સંબંધો વિશ્વાસુ મિત્રદેશ તરીકે આગળ વધ્યા છે. ગુજરાત આ દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ ધપાવશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, જેમ 'મેઈડ ઈન જાપાન'ની વિશ્વસનિયતા-ક્રેડીબિલીટી છે તેજ રીતે ઝિરો ડિફેક્ટ - ઝિરો ઈફેક્ટ મંત્ર સાથે પણ પર્યાવરણ અનુકૂલન અને વિશ્વકક્ષાના ઉત્પાદનો માટે 'મેક ઈન ઈન્ડીયા' પ્રતિબધ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કાર્યરત જાપાનીઝ ઉધોગો માટે સાનુકૂળ વાતાવરણ પુરૂ પાડવાની નેમ દર્શાવતાં જણાવ્યુ કે, ઉધોગોને કોઈ સમસ્યા ન રહે અને ઈન્ડો-જાપાન બાય લેટરલ રિલેસન્સ સાતત્યપૂર્ણ રીતે આગળ વધતા રહે તે માટે સરકારનો અભિગમ પ્રોએક્ટીવ છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં જાપાનના મળી રહેલા સહયોગ અને પાર્ટનર કન્ટ્રી તરીકે ના યોગદાનની પણ સરાહના કરી હતી. ડેલિગેશનના વડા શ્રીયુત્ત આત્સુયુકી રાચીએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને જાપાનની અને તેમના પ્રદેશની મૂલાકાતે આવવાનું ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યુ હતુ. તેમણે ઉમેર્યુ કે, આગામી મહિનાઓમાં તેમના પ્રદેશના ગવર્નર પણ ભારત અને ગુજરાતની મૂલાકાતે આવવા ઉત્સુક છે.

ગુજરાત-શિઝુઓકા સંબંધોનો સેતુ વધુ ફળદાયી બનાવવા માટે વેપાર, ઉધોગ ક્ષેત્રે સૈ કરવાની તત્પરતા પણ તેમણે દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ સૌજન્ય મૂલાકાત બેઠકમાં ગુજરાતમાં જાપાનના ઓનરરી કોન્સ્યુલ શ્રી મુકેશ પટેલ, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી, ઊધોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ.જે. હૈદર, મુખ્યમંત્રીશ્રીના ઓ.એસ.ડી. શ્રી એ.બી. પંચાલ તેમજ ઈન્ડેક્ષ-બી ના એમ.ડી.શ્રી ગૌરાંગ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ડેલિગેશનના હેડ શ્રીયુત્ત આત્સુયુકી રાચીને કચ્છી હસ્તકલા કારીગરીની સ્મૃતિભેટ અર્પણ કરી હતી.

# વિશેષ સ્થિતિ કે પેકેજ? બજેટ પહેલા દિલ્હીમાં ચંદ્રબાબુ નાયડુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ મંગળવારે મોડી રાત્રે રાષ્ટ્રીય રાજધાનીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી અને રાજ્યના નાણાકીય પડકારોનો સામનો કરવા માટે આગામી કેન્દ્રીય બજેટમાં ભંડોળની પૂરતી ફાળવણી કરવા વિનંતી કરી. અમિત શાહના નિવાસસ્થાને બેઠક દરમિયાન, તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશ ૨૦૧૪માં 'અન્યાયી વિભાજન' અને અગાઉની સરકારના 'દયનીય શાસન' ના પરિણામોનો સામનો કરી રહ્યું છે.આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ અમિત શાહને મળ્યા બાદ એક નિવેદનમાં કહ્યું, 'આજે નવી દિલ્હીમાં હું કેન્દ્રીય ગૃહ મંત્રીને મળ્યો અને તેમને જાણ કરી કે છેલ્લા પાંચ વર્ષમાં આંધ્ર પ્રદેશની અર્થવ્યવસ્થા કેવી રીતે પડી ભાંગી છે. મેં આંધ્ર પ્રદેશ વિધાનસભામાં અમારી પાર્ટી દ્વારા લાવવામાં આવેલા ચાર શ્વેતપત્રોના તારણોની પણ ચર્ચા કરી હતી, જેમાં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૪ દરમિયાન લેવામાં આવેલા આશ્ચર્યજનક ઉધાર પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેણે અમારા રાજ્યની અર્થવ્યવસ્થાને અસ્થિર કરી છે. તેમના પુરોગામી જગન મોહન રેડ્ડી પર કટાક્ષ કરતા, મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યું, 'અગાઉની



સરકારની આર્થિક અસમર્થતા, ઘોર ગેરવહીવટ અને મોટા પાયે ભ્રષ્ટાચારે આપણા રાજ્યને અપૂર્વીય નુકસાન પહોંચાડ્યું છે. આપણા લોકો દ્વારા એનડીએને આપવામાં આવેલા આદેશને માન આપીને કેન્દ્ર અને રાજ્ય સરકારો એક વ્યાપક પુનઃપ્રાપ્તિ યોજના તૈયાર કરશે અને આપણા રાજ્યની અર્થવ્યવસ્થાને પાટા પર લાવશે. અમે સાથે મળીને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરીશું. બે દિવસની મુલાકાતે મંગળવારે સાંજે રાષ્ટ્રીય રાજધાનીમાં પહોંચેલા નાયડુ બુધવારે કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને મળવાની અપેક્ષા છે. સૂત્રોએ જણાવ્યું કે તેમની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત થવાની સંભાવના છે. આંધ્ર પ્રદેશ સરકારના ડેટા અનુસાર, રાજ્યનું દેવું ૨૦૧૯-૨૦માં તેના જીડીપીના ૩૧.૦૨ ટકા હતું, જે ૨૦૨૩-૨૪માં વધીને ૩૩.૩૨ ટકા થયું છે. આ છેલ્લા પાંચ વર્ષમાં આંધ્ર પ્રદેશની અર્થવ્યવસ્થામાં ઘટાડો દર્શાવે છે. છેલ્લા ૧૫ દિવસમાં ચંદ્રબાબુ નાયડુની આ બીજી દિલ્હી મુલાકાત છે. અગાઉ ૪ જુલાઈના રોજ, તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને તેમને આંધ્ર પ્રદેશના વિકાસ સાથે સંબંધિત સાત-પોઈન્ટ એજન્ડા રજૂ કર્યા હતા, જેનો ઉદ્દેશ્ય ભાગલા પછી રાજ્ય દ્વારા સામનો કરવામાં આવેલા પડકારોને હલ કરવાનો હતો. જેડી(યુ)ના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય કુમાર ઝાએ કેન્દ્ર સમક્ષ આવી જ માંગણી કરી છે. આગામી બજેટમાં બિહાર માટે વધુ ભંડોળ ફાળવવાની માંગણી સાથે તેઓ સોમવારે સીતારમણને મળ્યા હતા. તમને જણાવી દઈએ કે ટીડીપી અને જેડી (યુ) બંને ભાજપની આગેવાની હેઠળના એનડીએના મુખ્ય ઘટકો છે.

## ન્યૂઝ બ્રિફ

### ખાનગી નોકરીઓમાં ૧૦૦ ટકા અનામતનો મુદ્દો ચગ્યો



। (એજન્સી) બેંગલુરુ, તા.૧૭ ।

કર્ણાટકમાં સ્થાનિક લોકો માટે પ્રાઈવેટ નોકરીઓમાં ૧૦૦ ટકા અનામતની જોગવાઈ કરીને સિદ્ધારમૈયા સરકાર ફસાઈ ગઈ છે. આ જાહેરાતે સરકાર માટે મુશ્કેલી સર્જી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ગઈકાલે આ નિર્ણય અંગે એક પોસ્ટ મુકી હતી પરંતુ વિવાદ થતા આ પોસ્ટને તેમણે ડિલિટ કરી હતી. આ બાબતે સરકારે પણ સ્પષ્ટતા કરી છે. શ્રમ મંત્રીએ સ્પષ્ટતા કરતા કહ્યું કે ખાનગી નોકરીઓમાં સ્થાનિકો લોકો માટે ૫૦ ટકા અને ૭૦ ટકા ક્વોટા હશે. આ સિવાય રાજ્ય સરકારે ખાનગી કંપનીઓમાં સી અને ડી ગ્રેડની પોસ્ટ્સ પર ૧૦૦ ટકા કન્નડ લોકોની નિમણૂંક કરવાનું ફરજિયાત બનાવવાના બિલને પણ મંજૂરી આપી છે. કર્ણાટકના ધારાસભ્ય એમ બી પાટીલે કહ્યું કે મેં જોયું છે.

### ઓઈલ ટેન્કર પલટતાં ૧૩ ભારતીયો સહિત ૧૬ ક્રુ મેમ્બર્સ ગૂમ થયા



। (એજન્સી) ઓમાન, તા.૧૭ ।

ઓમાનના દરિયાકાંઠે એક મોટી દુર્ઘટના ઘટી હોવાના સમાચાર સામે આવ્યા છે. ત્યાં એક ઓઈલ ટેક્રર પલટી જતાં ૧૩ ભારતીયો સહિત ૧૬ ક્રુ મેમ્બર્સ ગૂમ થઈ ગયા છે. હજુ સુધી તેમનો કોઈ પત્તો નથી લાગ્યો. જહાજમાં ત્રણ શ્રીલંકાના ક્રૂ મેમ્બર પણ સામેલ હતા. જો કે તમામને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સમુદ્રી સુરક્ષા કેન્દ્રએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ કરતા જણાવ્યું કે, કોમોરોસના ધ્વજ વાળું ઓઈલ ટેક્રર દુકમના બંદર પાસે રાસ મદ્રાકાથી થોડા માઈલ દક્ષિણ પૂર્વમાં પલટી ગયું હતું. આ જહાજની ઓળખ પ્રેસ્ટીજ ફાલ્કન તરીકે થઈ છે.

### ૪૩ દિવસનું લગ્ન જીવન, અને છૂટાછેડા લેતા લાગ્યા ૨૨ વર્ષ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

એક ઐતિહાસિક ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે એવા દંપતિને છૂટાછેડા આપવાનો આદેશ આપ્યો છે જે લગ્ન કર્યા પછી માત્ર ૪૩ દિવસ સાથે રહ્યું હતું. પરંતુ તેમને અલગ થવામાં ૨૨ વર્ષ લાગ્યા હતા. બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ તેની વિશેષ શક્તિનો ઉપયોગ કરીને, કોર્ટે લાંબા સમય સુધી અલગ રહેવાને કારણે છૂટાછેડાના આદેશને મંજૂર કરવાની માંગ સ્વીકારી. આ કપલે ફેબ્રુઆરી ૨૦૦૨માં લગ્ન કર્યા હતા.



નવી દિલ્હીમાં હિમાચલના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ અને તામિલનાડુના રાજ્યપાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી.

#### આ ભથ્થું યુવાઓને અપ્રેન્ટિસશીપ હેઠળ મળશે

## યુવાનોને મહિને ૬ થી ૧૦ હજાર, લાડલી બહેન બાદ હવે લાડલા ભાઈ યોજના

### મુખ્યમંત્રી એકનાથ શિંદેએ હવે લાડલા ભાઈ યોજનાની જાહેરાત કરી : બેરોજગાર યુવાઓને દર મહિને ભથ્થું મળશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

મધ્ય પ્રદેશમાં જે રીતે લાડલી બહેન યોજનાએ ધૂમ મચાવી અને તે યોજના મહારાષ્ટ્રમાં પણ મહિલાઓ માટે લાવવામાં આવી ત્યારે વિપક્ષ નેતા ઉદ્ધવ ઠાકરેએ સરકાર પર બેરોજગાર પુરુષો પર ધ્યાન ન આપતા હોવાનો મુદ્દો ઉછાળીને સરકારને ઘેરી હતી. હવે મહારાષ્ટ્રમાં બેરોજગાર યુવાઓને દર મહિને બેરોજગારી ભથ્થું આપશે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ હવે 'લાડલા ભાઈ યોજના'ની જાહેરાત કરી છે. જે હેઠળ બેરોજગાર યુવાઓને દર મહિને એક નિશ્ચિત રકમનું ભથ્થું મળશે. આ ભથ્થું એજ્યુકેશન પ્રમાણે આપવામાં આવશે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ વાતની જાણકારી અષાઢી એકાદશીના અવસરે પંઢરપુરના વિઠ્ઠલ મંદિરમાં મહાપૂજા બાદ કરી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ જણાવ્યું કે ૧૨મું પાસ બેરોજગાર યુવાને દર મહિને ૬ હજાર રૂપિયા આપવામાં આવશે.

#### મિની કાશ્મીર ફરવા જાઓ તો સાચવજો

## રીલ બનાવવાના ચક્કરમાં ખાઈમાં કૂદી ગયું એક કપલ

### એક કપલ રેલવે બ્રિજ પર ચડ્યું છે અને ત્યાં રીલ બનાવવા લાગ્યું પરંતુ અચાનક ત્યાં ટ્રેન આવી ગઈ હતી

। (એજન્સી) પાલી, તા.૧૭ ।

હાલના સમયમાં લોકોને રીલ બનાવવાનો ગાંડો ક્રેઝ જોવા મળી રહ્યો છે જેના કારણે તેઓ પોતાના જીવ પણ જોખમમાં મૂકતા ખચકાતા નથી. ફોલોઅર્સ વધારવાની લ્હાયમાં ખતરનાક જગ્યાઓ પર રીલ બનાવવા માટે પહોંચી જાય છે અને પછી જીવ જોખમાય છે. થોડા સમય પહેલા જ રીલ બનાવવાના ચક્કરમાં એક છોકરી કાર સાથે ખાઈમાં પડી ગઈ હતી. હવે રીલ બનાવવાનો આવો જ એક વીડિયો વાયરલ થયો છે જેણે બધાના હોશ ઉડાવી દીધા છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરાયેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે એક કપલ રેલવે બ્રિજ પર ચડ્યું છે અને ત્યાં રીલ બનાવવા લાગ્યું. પરંતુ અચાનક ત્યાં ટ્રેન આવી ગઈ અને થોડે દૂર ઉભેલા લોકો બૂમાબૂમ કરવા લાગ્યા. જેવી કપલની નજર આ ટ્રેન પર પડી કે તેઓ ગભરાઈ ગયા અને ઉતાવળમાં સીધા પુલ પરથી છલાંગ લગાવી બેઠા.

#### ડોનાલ્ડ ટ્રમ્પ ફરી નિશાના પર...

## કન્વેન્શન સેન્ટરની બહાર છરી લહેરાતા એક વ્યક્તિને પોલીસે ગોળી મારી

### અમેરિકાના પેન્સિલવેનિયામાં પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર થયેલા હુમલા બાદ તેમની સુરક્ષાનો મુદ્દો ચર્ચામાં



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકાના પેન્સિલવેનિયામાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલા બાદ તેમની સુરક્ષાનો મુદ્દો ચર્ચામાં રહ્યો છે. દરમિયાન, મિલવૌકીમાં રિપબ્લિકન પાર્ટીના સંમેલન સ્થળ પાસે એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આ વ્યક્તિએ માસ્ક પહેર્યુ હતું અને તેની પાસે એકે-૪૭ રાઈફલ હતી.મિલવૌકીમાં રિપબ્લિકન નેશનલ કન્વેન્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંમેલનમાં ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના સત્તાવાર ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. પરંતુ હવે પોલીસે આ સંમેલન સ્થળ નજીકથી ૨૧ વર્ષના યુવકની ધરપકડ કરી છે.આ સંમેલન મિલવૌકીમાં ફિસર્વ ફોરમ પાસે યોજાઈ રહ્યું છે. સોમવારે, જ્યારે એક શંકાસ્પદ સંમેલનમાં ભાગ લેવા જઈ રહ્યો હતો, ત્યારે તેને કેપિટોલ પોલીસ અધિકારીઓ અને હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા અટકાવવામાં આવ્યો હતો.ફોક્સ ન્યૂઝના રિપોર્ટ અનુસાર, યુવકનો ડ્રેસ જોઈને સુરક્ષાને તેના પર શંકા થઈ ગઈ. તેણે સ્કી માસ્ક પહેર્યો હતો અને તેની સાથે બેગ હતી. બેગની તપાસ કરતાં તેની બેગમાંથી એકે-૪૭ રાઈફલ અને ગોળીઓ મળી આવી હતી.પોલીસે મિલવૌકીમાં રિપબ્લિકન નેશનલ કન્વેન્શન નજીક એક શકમંદને મારી નાખ્યો છે. વાસ્તવમાં, સંમેલન સ્થળની આસપાસ પેટ્રોલિંગ કરતી વખતે, પોલીસે એક શંકાસ્પદને જોયો જેના હાથમાં છરી હતી. પોલીસે તેને છરી ફેંકવાનું કહ્યું પરંતુ તેણે તેની અવગણના કરી તો પોલીસે તેને ગોળી મારી દીધી. જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે આ ઘટનાનો બોડીકેમ વીડિયો પણ જાહેર કર્યો છે.

## કેન્દ્રિય બજેટમાં ખેડૂતોને ચાર મોટી જાહેરાતથી ખુશ કરી શકે છે સરકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

બજેટ ૨૦૨૪માં કેન્દ્ર સરકાર ખેડૂતો માટે અનેક મોટી જાહેરાતો કરી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે, સરકાર કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા વધતાં કૃષિ ઉપકરણો પર સબસિડી વધારવા અને કિસાન સન્માન નિધિ દ્વારા આપવામાં આવતી રકમમાં વધારો થઈ શકે છે. અપેક્ષા છે કે, ત્રીજી વખત સત્તામાં આવનારી મોદી સરકાર આ વખતે ખેડૂતો માટે મોટી જાહેરાતો કરી શકે છે. પીએમ કિસાન સન્માન નિધિઃ ખેડૂત સંગઠન લાંબા સમયથી પીએમ કિસાન સન્માન નિધિની રકમ વધારવા માગ કરી રહી છે. હાલ, ખેડૂતોને વાર્ષિક રૂ. ૬ હજાર આપે છે, પરંતુ મોંઘવારી અને વધતા ખર્ચના લીધે આ રકમ વધારવાની જરૂરિયાત દર્શાવાઈ છે. સરકાર તેમાં વધારો કરી રૂ. ૮૦૦૦ પ્રતિ વર્ષ કરી શકે છે. કિસાન ક્રેડિટ કાર્ડઃ વર્તમાનમાં કિસાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત ૭ ટકા વ્યાજ પર રૂ. ૩ લાખની કૃષિ લોન મળે છે, જેમાં ૩ ટકા સબસિડી સામેલ છે. અર્થાત ખેડૂતોને આ લોન ૪ ટકાના વ્યાજદર પર મળે છે. મોંઘવારી અને ઉત્પાદન ખર્ચમાં વધારો થતાં સરકાર આ મર્યાદા વધારી રૂ. ૪-૫ લાખ કરી શકે છે. સોલાર પંપઃ કેન્દ્ર સરકાર દેશભરના ખેડૂતોને સિંચાઈ માટે સબસિડી પર સોલાર પંપ ઉપલબ્ધ કરાવે છે. ખેડૂત સંગઠન ઈચ્છે છે કે, સોલાર પંપ મારફત મળતી વીજનો ઉપયોગ કરી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી શકાય છે. બજેટમાં આ અંગે ખાસ જોગવાઈ રજૂ થઈ શકે છે. કૃષિ ઉપકરણો પર ટેક્સમાં કપાતઃ કૃષિ ઉપકરણો પર લાગૂ જીએસટીનો ખેડૂત સંગઠન વિરોધ કરી રહ્યો છે. તેમની માગ છે કે, સરકાર કૃષિ ઉપકરણો પર જીએસટી દૂર કરે અથવા ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ આપે. બજેટમાં સરકાર કૃષિ ઉપકણો પર જીએસટી દરો ઘટાડવા અથવા વધુ સબસિડી આપવા નિર્ણય લઈ શકે છે. એનડીએ સરકાર ખેડૂતોના હિતમાં નિર્ણય આપવાની હિમાયત કરી રહી છે.

#### આજે શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન દ્વારા જગન્નાથ મંદિરનો ભંડારો ફરી ખુલશે

## શુભ મુહૂર્તમાં વીડિયોગ્રાફી સાથે ખજાનાનું સ્થળાંતર થશે

। (એજન્સી) ઓડિશા, તા.૧૭ ।

શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન ગુરુવારે રત્ન ભંડારની અંદરની ચેમ્બરને ફરીથી ખોલશે જેથી તેમાં હાજર ઝવેરાતને અસ્થાયી ભંડારમાં ખસેડી શકાય. પુરીમાં સ્થિત ૧૨મી સદીના જગન્નાથ મંદિરમાં ભગવાનનો આ ખજાનો ૪૬ વર્ષ પછી ૧૪ જુલાઈના રોજ સમારકામ માટે ખોલવામાં આવ્યો હતો. રત્ન ભંડારને ફરીથી ખોલવાનો નિર્ણય શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન ના મુખ્ય પ્રશાસક અરબિન્દા પાધી, રત્ના ભંડાર, પુરીના કલેક્ટર સિદ્ધાર્થ શંકર સ્વેન અને અન્ય અધિકારીઓની દેખરેખ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી સમિતિના અધ્યક્ષ વિશ્વનાથ રથની બેઠકમાં લેવામાં આવ્યો હતો. એજન્સી અનુસાર, મીટિંગ પછી વિશ્વનાથ રથે કહ્યું કે અમે ૧૮ જુલાઈના રોજ સવારે ૯:૫૧ થી ૧૨:૧૫ વચ્ચે ફરીથી તાળાઓ ખોલીશું અને આંતરિક રત્ન સ્ટોરમાં પ્રવેશ કરીશું. તેમાં હાજર કિંમતી સામાનને હંગામી



સ્ટોર રૂમમાં શિફ્ટ કરવામાં આવશે. ASI સભ્યો તેનું મૂલ્યાંકન કરશે. સમગ્ર કાર્યક્રમની વિડીયોગ્રાફી કરવામાં આવશે.વિશ્વનાથ રથે જણાવ્યું હતું કે કિંમતી ચીજવસ્તુઓ ધરાવતા તમામ બોક્સને સ્થાનાંતરિત કરવામાં સામેલ લોજિસ્ટિકલ મુશ્કેલીઓને કારણે, કન્ટેનરમાં રાખવામાં આવેલા આભૂષણોને મંદિર સંકુલમાં અસ્થાયી તિજોરીમાં ખસેડવામાં આવશે. અહીં સીસીટીવી કેમેરા અને અન્ય જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે. બહારના રૂમમાંથી કિંમતી ચીજવસ્તુઓ પહેલેથી જ ખસેડવામાં આવી છે. ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ જસ્ટિસ વિશ્વનાથ રથે જગન્નાથ મંદિરના રત્ન ભંડાર અંગે બેઠક યોજી હતી. આ દરમિયાન, તેમણે કહ્યું કે, ૧૪ જુલાઈએ, સરકારના SOPને અનુસરીને, અમે આઉટર જેમ સ્ટોર ખોલ્યો અને તેમાંની તમામ વસ્તુઓ ખસેડી અને તેની ચાવી જવાબદાર સભ્યોને સોંપવામાં આવી. આ સિવાય અંદરના રત્ન સ્ટોરની ચાવીઓ તિજોરીમાંથી આવી હતી, પરંતુ ચાવીઓ કામ કરતી ન હતી.આ પછી, સરકારના જીં મુજબ તાળું તોડીને ખોલવામાં આવ્યું હતું. આ પછી, તે દિવસે ઓછો સમય હતો, તેથી એક નવું તાળું મંગાવવામાં આવ્યું હતું અને ચાવી તિજોરીને સોંપવામાં આવી હતી. તે દિવસે ઘણું કામ થયું. હવે બેઠક બોલાવવામાં આવી છે. બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે ૧૮ જુલાઈના રોજ સવારે ૯:૫૧ થી ૧૨:૨૫ સુધીનો શુભ સમય છે, આ દરમિયાન રત્ન ભંડાર ખોલવામાં આવશે. પહેલા આપણે બહારના રત્ન સ્ટોર પર જઈશું.

#### ઉછીના પૈસા, ઘરમાં ૪ લોકોની એન્ટ્રી, મોટરસાઇકલ ગીરો..

## શું વ્યાજના પૈસાને લઈને મુકેશ સાહનીના પિતાની હત્યા થઈ?

### વિકાસશીલ ઇન્સાન પાર્ટીના વડા મુકેશ સાહનીના પિતા જીતનની ઘાતકી હત્યા કેસમાં પોલીસે ચાર લોકોની અટકાયત કરી છે

। (એજન્સી) બિહાર, તા.૧૭ ।

બિહારના દરભંગામાં વિકાસશીલ ઈન્સાન પાર્ટીના વડા મુકેશ સાહનીના પિતા જીતન સાહનીની ઘાતકી હત્યા કેસમાં પોલીસે ચાર લોકોની અટકાયત કરી છે. આ લોકોની હત્યા કેસમાં તેમની શંકાસ્પદ ભૂમિકાને કારણે અટકાયત કરવામાં આવી છે.જીતન સાહનીના ઘર પાસે લાગેલા સીસીટીવીમાં ખુલાસો થયો છે કે સોમવારે રાત્રે ૧૦.૩૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે ચાર લોકો તેના ઘરમાં ઘૂસ્યા અને થોડો સમય ઘરની અંદર રહેવા નીકળી ગયા. આ ચારેય લોકોની મોબાઈલ ડિટેઈલ, ભૂતકાળનો ઈતિહાસ, જીતન સાહની સાથેના વ્યવહારો, મોડી રાત્રે તેમના ઘરે જવાના કારણો સહિત દરેક સંભવિત એંગલથી પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેમના વિશે માહિતી એકત્ર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે આ ચારમાંથી એક-બે લોકોએ જીતન સાહની પાસેથી વ્યાજે પૈસા લીધા હતા. થોડા દિવસ પહેલા જીતન સાહની સાથે પણ તેની લડાઈ થઈ હતી. આમાંથી એક વ્યક્તિએ સુરક્ષા



તરીકે પોતાની મોટરસાઈકલ પણ પોતાની પાસે રાખી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ લોકો રાત્રે સાહનીના ઘરે આ મોટરસાઈકલથી છૂટકારો મેળવવાની વાત કરવા ગયા હતા.તપાસમાં જાણવા મળ્યું છે કે જીતન સાહનીએ બે દિવસ પહેલા જ આમાંથી બે લોકો સાથે ઝઘડો કર્યો હતો. આ દરમિયાન તેમને પાઠ ભણાવવાની ધમકી પણ આપવામાં આવી હતી. પોલીસ હવે આ લોકોના સાહની સાથેના વ્યવહારોની સંપૂર્ણ વિગતોની તપાસ કરી રહી છે. તમને જણાવી દઈએ કે જીતન સાહનીના અંતિમ સંસ્કાર મંગળવારે મોડી રાત્રે દરભંગાના સુપૌલ બિરૌલ માર્કેટમાં કરવામાં આવ્યા હતા.આ હત્યા અંગે મુકેશ સાહનીએ કહ્યું હતું કે તેમના પિતાની ગુનેગારોએ નિર્દયતાથી હત્યા કરી હતી. પિતાની એવી ક્રૂરતાથી હત્યા કરવામાં આવી કે જેનું શબ્દોમાં વર્ણન કરવું મુશ્કેલ છે.

## તંત્રી લેખ...

# ધર્મસ્થળો સાથે જોડાયેલા તમામ પાસાં પરથી પડદો ઉઠાવવો જરૂરી

ભારતમાં ધર્મસ્થળો સાથે જોડાયેલાં તથ્યો, રહસ્યોની ભરમાર છે અને તેમનો યથોચિત ખુલાસો સુખદ અને સ્વાગતયોગ્ય છે. ધર્મસ્થળો સાથે જોડાયેલા તમામ પાસાં પરથી પડદો ઉઠાવવો એટલા માટે જરૂરી છે, જેથી સમયે સમયે વિના કારણે ઊઠતા વિવાદોનો અંત આવી શકે. આ કડીમા મધ્ય પ્રદેશમાં આવેલ ભોજશાળાનો વિવાદ છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (એએસઆઇ) એ સોમવારે ભોજશાળા-કમાલ-મૌલા મસ્જિદ પરિસરના પોતાનો વૈજ્ઞાનિર સર્વેક્ષણ રિપોર્ટ મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈંદોર પીઠને સોંપી દીધો છે. એએસઆઈના વકીલ હિમાંશુ જોશીએ ૨૦૦૦ પેજથી વધારેનો રિપોર્ટ હાઈકોર્ટને સોંપ્યો છે, જેના પર ૨૨ જુલાઈએ સુનાવણી થશે. ૧૧મી સદીની આ ઈમારતમાં ત્રણ મહિનાથી સર્વેક્ષણ કાર્ય ચાલી રહ્યું હતું અને હવે જે તથ્યો સામે આવ્યાં છે, તેના પર અદાલત જલ્દી નિર્ણય કરશે તેવી આશા છે. આ એવી સંવેદનશીલ બાબત છે, જેના પર તમામ સંબંધિત પક્ષોએ બહુ સાવધાની અને સમજદારીથી ડગલાં ભરવાં જોઈએ. ધ્યાન રહે, હિંદુ સમુદાય તેને વાગ્દેવી (સરસ્વતી)નું મંદિર માને છે, જ્યારે મુસ્લિમ પક્ષ તેને મસ્જિદ કહે છે. લાંબા સમયથી એ માંગ થઈ રહી હતી કે આ ઈમારતનું વૈજ્ઞાનિક રીતે સર્વેક્ષણ થાય. જોકે પુરાતત્ત્વ વિભાગના રિપોર્ટમાં શું છે તેની સત્તાવાર માહિતી અદાલતી સુનાવણીમાં જ જાણવા મળશે, પરંતુ એક પક્ષનો દાવો છે કે ભોજશાળા પરિસરમાં મોટા પાયે મૂર્તિઓનાં પ્રમાણ મળ્યાં છે. પ્રમાણોને જોકે રાજકીય મંચો પર નહીં, બલ્કે અદાલતોમાં પરખવા જોઈએ. વિભિન્ન પક્ષોની ખેંચતાણ કે તણાવ વધારવાની કોશિશોને ટાળવી જોઈએ. અહીં એ પણ ધ્યાનમાં રાખવું પડશે કે અદાલતી આદેશ અનુસાર, છેલ્લાં ૨૧ વર્ષોથી મંગળવારે ભોજશાળામાં પૂજા કરવાની અનુમતિ છે, જ્યારે શુક્રવારે નમાજ અદા કરવા દેવામાં આવે છે. આ પ્રચલિત વ્યવસ્થામાં કોઈપણ પ્રકારના બદલાવથી અસર પડી શકે છે, તેથી અહીં ફૂંકી ફૂંકીને ડગલાં ભરવાનો સમય છે. આ સમગ્ર મામલાને તથ્યોની રોશનીમાં જોવાની જરૂર છે, જેથી હિંદુ-મુસ્લિમ વિવાદ વધવા ન પામે. સભ્ય સંગઠન, સભ્ય રીતભાતો અને લોકતાંત્રિક ઉદારતા સાથે ભોજશાળા વિવાદ ઉકેલવો જોઈએ. એએસઆઈ દ્વારા ભોજશાળાનો જે રિપોર્ટ સોંપાયો છે તેમાં ૧૭૦૦ અવશેષોનો ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે અહીંના સ્તંભોની કલા અને વાસ્તુકલાને જોતાં જ ખબર પડી જાય છે કે તે મૂળ રૂપે મંદિરોનો હિસ્સો હતા. ભોજશાળા પરિસરના ૫૦ મીટરના દાયરામાં કરવામાં આવેલ ખોદકામ, અહીંથી મળેલી ૯૪ મૂર્તિઓ, ૩૧ સિક્કા અને પરમારકાલીન શિલાલેખના વિસ્તૃત અધ્યયન બાદ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

## ચીની ઉત્પાદનોનો વપરાશ ટાળી, ભારતીય માલ વાપરી શકાય તેની વિસ્તૃત યાદી

ચીન લદાખની સરહદે ભારતીય સેનાની સાથે અથડામણમાં ઉતર્યું તે પહેલાથી જ ચીની માલનો વપરાશ ઘડાડવાની જરૂર પ્રજાના બહોળા વર્ગને અને વેપારીઓને લગતી હતી પણ તેને દિશાદોર નહોતો મળતો તેથી તેની સફળતા વિષે વ્યાપક શંકા સેવાતી હતી. પરંતુ સરહદે અરૂણચાલની વિવિધ ઘટનાઓ પછી પ્રજાનો ચીની માલ સામે આક્રોશ વધી ગયો છે. અગાઉની જેમ જાહેરમાં ચીની માલની હોળી ભલે ન થતી હોય પરંતુ ઘણા લોકોએ સ્વયંભૂ તેમના મોબાઈલમાંથી ચીની એપ્સને દૂર કરી છે. આ સાથે વેપારીઓના દેશવ્યાપી સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ અને આરએસએસની પાંખ સ્વદેશી જાગરણ મંચે ક્યા ચીની ઉત્પાદનોનો વપરાશ ટાળી તેને સ્થાને જે ભારતીય માલ વાપરી શકાય તેની વિસ્તૃત યાદી પ્રગટ કરી છે. આપણે ત્યાં બે-ત્રણ વરસ પહેલા ચીની ફટાકડાનો બહિષ્કાર કરવાનો વાયરો ઉપડયો હતો પણ તે બહુ ચાલ્યો ન હતો. દસ ટકા ફેર પડયો હતો. પરંતુ હવે આવતી દિવાળીમાં તો જેઓ ચીની ફટાકડા વેચશે એ વેપારીઓનો જ બહિષ્કાર કરવાનું એલાન અત્યારથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કરેલું છે એટલે કોઈ પણ વેપારી ચીની ફટાકડા વેચશે જ નહિ. દેશના મોટા શહેરોમાં દુકાનદારો જે માલ ભરેલો છે એ વેચે છે પણ નવો કોઈ ચીની માલ તેઓ હવે પોતાની શોપમાં દાખલ કરતા નથી. દેશના અનેક વેપારી મંડળો અને મહામંડળોએ ઠરાવ કરી નાંખ્યા છે કે હવે ચીની માલનો વેપાર કરવો નહિ તથા ઉત્પાદકોએ કાચો માલ પણ ચીનથી આયાત કરવો નહિ. વપરાશકારોનો એક વ્યાપક વર્ગ કહી રહ્યો છે કે ભારતીય ઉત્પાદનોની કિંમત વધુ છે પણ ચીનના માલની ગુણવત્તા નબળી હોવાથી તેઓ વધુ કિંમત ચૂકવીને પણ ભારતીય ઉત્પાદનો ખરીદશે. નિરાશાવાદીઓએ એ વાતની નોંધ લેવાની જરૂર છે કે અત્યારની લોકલાગણી એ માત્ર જુવાળ નથી જે સમય જતા ઓસરી જાય. ચીની માલનો વપરાશ ઘટે તે આપણા વેપારીઓ અને ઉદ્યોગો માટે ફાવતી વાત છે પણ હવે સરકારનો સાથ મળવાથી બહિષ્કારની ઝુંબેશને દિશાદોર મળી રહ્યો છે અને તે વાસ્તવિકતા બની શકે છે. ચીનના માલના બહિષ્કારની હિલચાલના ઉગ્ર પ્રત્યાઘાત એ દેશમાં પડયા છે. ભારત આ પડકારને ઝીલી શકે છે તેને ચીન સમજે છે. ભારતને ચીનના માલ વિના ચાલશે નહીં તેવી ગ્લોબલ ટાઈમ્સની શેખી જ તેનો ઉકળાટ બતાવે છે. આપણી સરકાર ચીની બનાવટની ૩૭૧ આઈટમની આયાત અંકુશિત બનાવી રહી છે. માત્ર ચીની માલ જ નહીં, દેશના માળખાકીય વિકાસમાં પણ તેનું અવલંબન ઘટે તે માટે પગલાં લેવાનું શરૂ થયું છે પણ રસ્તો લાંબો અને કઠિન છે. ચીનથી આવતા કેટલાક રસાયણો ઉપરની એન્ટી ડમ્પિગ ડયુટી વધારવાની ભારતની હિલચાલ સામે તેણે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ)માં ''માર્કેટ ઈકોનોમી સ્ટેટ્સ'' હોવાનો દાવો કર્યો છે. ભારત સહિત અન્ય દેશોએ તેના આ દાવાને સ્વીકાર્યો નથી તે જુદી વાત છે, પણ ચીનનું આર્થિક સ્વાસ્થ્ય કથળ્યું હોવા છતાં તે ભારતીયોનું સ્વાસ્થ્ય બગાડવા ઔષધોના કાચા માલ એપીઆઈ અને તેના કેમિકલ્સની નિકાસ અંકુશિત કરે તો તેના આકરા પ્રત્યાઘાતો અહીં પડે. તેથી ચીન શાંત બેસી રહેશે તેવું માની લેવાય નહીં. કોમ્પ્યુટર હાર્ડવેર બનાવવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા ભારતમાં વિકસાવવાનું મુશ્કેલ છે પણ અશક્ય નથી. ઈલિક્ટ્રિકલ ઉપકરણો, મશિનરી, ખાતર, પ્લાસ્ટિક આઈટમોની આયાત વધુ પ્રમાણમાં થાય છે. સરકારના પ્રોત્સાહનોથી ઉદ્યોગો તેમાં આત્મનિર્ભર બને તો પણ તેમના પોતાના આગવા પ્રયાસો હોવા જરૂરી છે. ભારતના મોટર સાઈકલ અને ટેક્સ્ટાઈલ ઉદ્યોગે વિશ્વ બજારમાં કાઠું કાઢયું છે. ભારતીય બનાવટની મોટર સાઈકલ ચીનની સસ્તી બનાવટની જ નહીં જાપાનની અદ્યતન મોટર સાઈકલને પણ ટક્કર મારી રહી છે.

**કોઈ રીતે આત્મા દીપ પ્રજ્વલિત થાય તો આ અહમ નાથી શકાય, કારણ આત્મદીપનાં અજવાળામાં જ સત્ય પ્રેમ-કરુણા અનુભવાય**

# પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ! એ પ્રાર્થના થકી આત્મદીપ પ્રજ્વલિત રાખીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અહંકારી માણસની પ્રાર્થનામાં બળ કે બુદ્ધિ એક પણ હોતું નથી, શારીરિક બળની અહીં વાત નથી એ વાત તો આપણે સૌ જાણીએ છીએ, પરંતુ મનોબળ અને બુદ્ધિની વાત છે, બુદ્ધિશાળી જીવની પહેલી ઓળખ તેના મનોબળથી થાય છે, અને પ્રાર્થના એક એવું માધ્યમ છે તેનાથી આપણું મનોબળ વધે છે, આમ તો નિર્દોષ, નિખાલસ, અને બંને તેટલા નાના બનીને પ્રાર્થના કરવામાં આવે તો તે ઝડપથી ઈશ્વર સુધી પહોંચે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રાર્થના કરતી વખતે એક બહુ જ મહત્વની બીજી વાત યાદ રાખવી, કે આપણા થી કંઈ જ થતું નથી. એટલે કે આપણે દિન છીએ, અને તે સમર્થ છે. અહંકારી માણસની પ્રાર્થનામાં બળ કે બુદ્ધિ એક પણ હોતું નથી. શારીરિક બળની અહીં વાત નથી એ વાત તો આપણે સૌ જાણીએ છીએ, પરંતુ મનોબળ અને બુદ્ધિની વાત છે. બુદ્ધિશાળી જીવની પહેલી ઓળખ તેના મનોબળથી થાય છે, અને પ્રાર્થના એક એવું માધ્યમ છે તેનાથી આપણું મનોબળ વધે છે. આમ તો નિર્દોષ, નિખાલસ, અને બંને તેટલા નાના બનીને પ્રાર્થના કરવામાં આવે તો તે ઝડપથી ઈશ્વર સુધી પહોંચે છે, એટલે કે ઈશ્વરને સંભળાય છે. જીવને જ્યાં સુધી પોતાની કાર્યક્ષમતાનું અહમ રહેશે, ત્યાં સુધી તે ઈશ્વરથી દૂર રહેશે. આ હું નામનો એક એરુ એવો છે, જે સતત આપણી જિંદગીને વિષીલી બનાવે છે, અને છતાં આપણે તેને પોષણ આપી આપીને તગડો બનાવીએ છીએ. આજે જ્યારે આ સત્ય સમજાય છે ત્યારે જીવનમાં ઘણાં વર્ષ ચાલ્યા ગયા છે, પરંતુ શરણાગતિ જેટલી સ્વતંત્રતા બીજા એક પણમાં નથી હોતી, તે સત્ય આજે સમજાઈ ગયું છે. વાત આ મારી તમારી છે જ નહીં, વાત સાર્વજનિક છે, કે સમાજનાં ૭૦%/ ૮૦% ઉપરના લોકો ઘમંડના રોગનો ભોગ બને છે, અને બાકીના ૨૦/૩૦/% ટકા આવા અહંકારીનો ભોગ બનીને વિકૃત બને છે. બંનેમાં વિકૃતિ તો છે, એકમાં ગુણ હોવાને કારણે વિકૃતિ છે, અને એકમાં ગુણ ન હોવાને કારણે વિકૃતિ છે. સમાજ દર્શન કરતા આપણને ખ્યાલ આવે છે, કે સૌ પોતાના જીવનનો મહત્વનો સમય એટલે કે જુવાનીથી પ્રૌઢાવસ્થા સુધીનો સમય આ અહંકાર નામના એરુને પોષવામાં જ વિતાવે છે, અને જ્યારે ખબર પડે ત્યારે મોટાભાગનાનો સમય હાથમાંથી ચાલી ગયો હોય છે, એટલે કે ઈન્દ્રિયની રીતે પરવશ થઈ ગયો હોય, અને કોઈ એવું કાર્ય કરી શકવાને સમર્થ હોતો નથી. તો પ્રશ્ન ત્યાં આવે કે જુવાનીમાં એવું શું થાય કે એનાથી આપણે આ અહંકારના એરુને નાથી શકીએ?? કોઈ રીતે આત્મા દીપ પ્રજ્વલિત થાય તો આ અહમ નાથી શકાય, કારણ આત્મદીપનાં અજવાળામાં જ સત્ય પ્રેમ અને કરુણા અનુભવાય છે.આજે આપણે આવી જ એક પ્રાર્થના વિશે વાત કરીશું.

**નરસિંહરાવ દિવેટિયા.:**

**પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ**
**જીવનપંથ ઉજાળ,**
**દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે**
**ઘન અંધાર,**
**માર્ગ સુઝે નવ ઘોર રજનીમાં,**
**નિજ શિશુને સંભાળ,**
**મારો જીવન પંથ ઉજાળ. ...પ્રેમળ જ્યોતિ...**
**ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ,**
**દૂર નજર છો ન જાય,**
**દૂર માર્ગ જોવા લોભ લગીર ન,**
**એક ડગલું બસ થાય,**
**મારે એક ડગલું બસ થાય.**
**...પ્રેમળ જ્યોતિ...**
**આજ લગી રહ્યો ગર્વમાં હું ને**
**માગી મદદ ન લગાર,**
**આપ-બળે માર્ગ જોઇને ચાલવા**
**હામ ધરી મૂઢ બાળ,**
**હવે માગું તુજ આધાર. ...પ્રેમળ જ્યોતિ...**
**ભભકભર્યા તેજથી હું લોભાયો,**
**ને ભય છતાં ધર્યો ગર્વ,**
**વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી**
**સ્ખલન થયાં જે સર્વે,**
**મારે આજ થકી નવું પર્વ. ...પ્રેમળ જ્યોતિ...**
**તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ**
**આજ લગી પ્રેમભર,**
**નિશ્ચે મન તે સ્થિર પગલેથી**
**ચલવી પહોંચાડશે ઘેર,**
**દાખવી પ્રેમળ જ્યોતિની સેર.**
**...પ્રેમળ જ્યોતિ...**
**કંદર્પ ભૂમિ કળણ ભરેલી ને**
**ગિરીવર કેરી કરાડ,**
**ધસમસતાં જળ કેરાં પ્રવાહો સર્વ**
**વટાવી કૃપાળ,**
**મને પહોંચાડશે નિજ દ્વાર.**
**...પ્રેમળ જ્યોતિ...**
**રજની જશે ને પ્રભાત ઉજળશે ને**
**સ્મિત કરશે પ્રેમાળ,**
**દિવ્ય ગણોના વદન મનોહર**
**(મારે) હ્રદય વસ્યાં ચિરકાળ,**
**જે મેં ખોયાં હતા ક્ષણવાર.**
**...પ્રેમળ જ્યોતિ...**

નરસિંહરાવ દિવેટીયાની રચનાનો કોઈ ભાવાર્થ કરવાની જીવની ક્ષમતા નથી, તે એક નાગર ગૃહસ્થ હતા. ગીતામાં પણ કવિને ભગવાન યોગેશ્વર એ પોતાની વિભૂતિ કહ્યા છે. જ્યારે આવા કોઈ કવિની રચના આપણી નજર સમક્ષ આવે, ત્યારે આપણને તેમની રચના થકી તેનો એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. અદભુત શબ્દોના સંયોજનથી બનેલી આ રચના લખતી વખતે જરા વિચારીયે કે કવિના ભાવ કેવાં ઉંચા રહ્યા છે, તો નિશ્ચિતપણે આપણે તેમના ચરણમાં પડવાનું મન થાય. કાળ ગમે તે હોય, પરંતુ શબ્દ જેટલા અસર કરે છે, એટલા શસ્ત્રો અસર નથી કર્યા. પછી તેની સારી બાજુ પણ હોઈ શકે, અને ખરાબ બાજુ પણ હોઈ શકે. મંથરાના વચનથી કૈકેયી ભ્રમીત થયાને રામને વનવાસ થયો, તે પણ શબ્દ હતાં,ને આ રામાયણની કથા તુલસીદાસજી એ લખી, તો તેનાથી કેટલાય ના જીવન આજ સુધી સુધરી ગયા,એ પણ શબ્દનું સામર્થ્ય. એટલે કહેવાનું તાત્પર્ય એટલું, કે શબ્દમાં બહુ જ તાકાત છે.તો કોઈ પણ સર્જન હોય તો તે વંદનીય જ છે, પરંતુ આવી રચના કરવા વાળા રચનાકારને કોટી કોટી વંદન કરવા જ રહ્યા. ત્રણ સપ્ટેમ્બર ૧૯૫૯માં તેમનો અમદાવાદ જિલ્લામાં જન્મ થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે અમદાવાદમાં જ પ્રાપ્ત કર્યુ, અને ત્યાર પછી તે મુંબઈની એફલોન્ટીક યુનિવર્સિટી માં અભ્યાસ કર્યો. તેમણે ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી ને વાઈસ કલેક્ટર ને કલેક્ટરની પદવી પર સર્વિસ કરી હતી. તે ખૂબ જ સેવાભાવી ને સમાજ સુધારક હતાં. આ ઉપરાંત પહેલા સર્વીસ ના અનુસંધાને દક્ષિણ એશિયાના દરિયા કિનારે રહ્યા ને ફર્યા, તેથી તેની અંદરનું કવિત્વ જાગ્યું, ને સમાજને આવી ઉતમ કૃતિઓ પ્રાપ્ત થઈ. તેવો બહુ મોટા ગજાના કવિ, લેખક, વિવેચક ને ભાષાશાસ્ત્રી હતાં. રચના તો, આગળ કહ્યું તેમ તેનો ભાવાર્થ કરવાનું આપણું ગજું નથી, પરંતુ આત્મ દીપ પ્રજ્વલિત થતાં તે પ્રેમના અજવાળાને સંબોધીને આખી રચના છે, અને દીપ પ્રજ્વલિત નથી થયો, ત્યાં સુધીનું આત્મ નિવેદન છે, અહંકારથી ઘેરાયેલો જીવ કેવી કેવી મુસીબત પોતે જ વહોરે છે, તેનો નિર્દેશ કર્યો છે. હું પણામાં ઘેરાઈને ગમે તે કરું છતાં તે કદી મને અવગણ્યો નથી, અને ગિરીવર તે માર્ગ સવાર્યો જેથી મારા કદમ નિશ્ચિત પણે એક દિવસ પરમ ધામ સુધી પહોંચશે, એવી તને આશા હતી.આ અહંકારની રાત જશે અને મુસ્કારાતું મંગલ પ્રભાત થશે. ક્ષણ વાર જે ચુક્યો એ દિવ્ય મનોહર વદન ચિરકાળ સુધી મારે અંતરે વસ્યા. પ્રેમળ જ્યોતિની તાકાત કેટલી છે તે આ રચના પરથી જોઈ શકાય છે. અહંકાર એ જીવનને પતન તરફ લઈ જનાર છે, જ્યારે પ્રેમ એ અનરાધાર વરસતું અમૃત છે. બસ એક અનુભવ થાય તો પછી કોઈ દુન્યવી સંબંધ, તેને એ માર્ગે જતાં રોકી શકતા નથી.દરેકે દરેકના જીવનમાં પરમ પ્રેમને અનુભવવાની એક તક ઈશ્વર આપે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.



**આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે, પણ એની હયાતીમાં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો**

# જે હંમેશાં પોતાનું કાર્ય પ્રામાણિકતાથી નિભાવે છે તે ક્યારેય આ જગતથી અસંતુષ્ટ નહિ થાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે, સ્નાન કરે છે, ધ્યાન કરે છે, એટલે મનની શુદ્ધિ થાય છે, માતા દેવહુતિને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે, દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડયું છે, દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃગયા કહે છે.**

મનુષ્ય યોનિમાં જીવ પશુ અને પક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુ:ખ ભોગવી આવે છે. જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પછી ફળ જેવો મોટો થાય છે. એક મહિનાના ગર્ભને માથું આવે છે,બે મહિનામાં હાથપગ,ત્રણ માળ ગાયો નખ-વાળ,ચાર મહિના માં સાત ધાતુ, પાંચ મહિનામાં ભૂખ તરસનું જ્ઞાન, છ મહિનામાં માતાના પેટમાં ભ્રમણ, આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્રથી ભરેલા પોલાણ માં તેને રહેવું પડે છે. તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂર્છા પામે છે. વળી માતાએ ખાધેલા તીખા, ઊના, ખારા, ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે.આપ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુ:ખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે. પણ કંઈ પણ કરવાને તે અસમર્થ છે. સાતમે મહિને જીવાત્માને પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે. તે ગર્ભમાં પ્રભુની સ્તુતિ કરે છે, નાથ, મને બહાર કાઢો.ગર્ભવાસ અને નર્ક વાસ સરખો છે.મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ. ગર્ભમાં જીવ ભગવાન આગળ અનેક પ્રતિજ્ઞાઓ કરે છે. પછી જન્મ વખતે અતિશય વેદનામાં પૂર્વજન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભૂલી જાય છે. બહાર આવતી વખતે અતિશય દુ:ખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે. જન્મ અને મરણનું દુ:ખ ભયંકર છે. આ બંને દુ:ખ સરખા છે. આ દુ:ખોનો અંત આવતો નથી. જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતી નથી. જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે. તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે. પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી. પછી લાડી સાથે પ્રેમ કરે છે. તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્ત્રીમાંથી મોહ ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે. અનેક જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે. હજી ક્યાં સુધી ભટકવું છે? તારા મનને સંસારના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર. પરમાત્માના ચરણનો આશ્ચર્ય કરી જન્મમરણ ના ત્રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું. આમ માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ઊઠ્યાને કલકત્તા પાસે ગંગાસાગરના સંગમતીર્થમાં પધાર્યા.આજ પણ કપિલ ભગવાનના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું સ્વાગત સમુદ્રે કર્યું છે. માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે. સ્નાન કરે છે, ધ્યાન કરે છે, એટલે મનની શુદ્ધિ થાય છે.માતા દેવહુતિ ને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે. દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડયું છે. દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃગયા કહે છે. આ કપિલગીતા સાંભળવાથી શ્રોતા - વક્તા ઓનાં અનેક પાપોનો નાશ થાય છે. સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે. પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે. એટલે સંત ની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો.આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે, પણ એની હયાતીમાં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો. એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકા રામ મહારાજને ગધેડા પર બેસાડી ને ફેરવેલા. પણ સંતને માન શું અને અપમાન શું? તુકારામને ગધેડો ગરુડ લાગે છે. તુકારામ મહારાજના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે, પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો. માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતોઅને તે પણ પત્નીના દુઃખને દૂર કરવા માટે.જ્યારે તુકા રામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં, ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા. સંતોની સહનશક્તિ અલૌકિક હોય છે. સંતો માનથી આનંદિત કે અપમાનથી દુઃખી થતાં નથી. તેઓ માન અપમાનને પી જાય છે. કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસ ભગવાને તેની દવા બતાવેલી જ છે. મહા કિંમતી દવા છે. હરે શ્રી કૃષ્ણ હરે શ્રીકૃષ્ણનો જપ કરવો કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપનો જન્મ આવે છે. બાજુ માં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત છેલ્લે સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે, મહાન ત્યાગથી મહાન કાર્ય સિદ્ધ થાય છે.' તેથી જો આપણે કોઈ સારું કાર્ય કરવાના હોઈએ તો તે અત્યારે જ કરવું જોઈએ. એના માટે ઉધારી રાખી ન શકાય. પણ જો કોઈ નીચ કાર્ય કરવાના હોય તો તે કાલ પર રાખો. એના માટે ઉતાવળ ના કરો.જે બુદ્ધિશાળી છે નીતિમાન છે,તે ક્યારેક જગતથી નારાજ થાય, ક્ષોભ પામે પણ જે હંમેશાં પોતાનું કાર્ય પ્રામાણિકતા થી નિભાવે છે તે ક્યારે પણ આ જગતથી અસંતુષ્ટ નહિ થાય. બીચરે કહ્યું છે : 'કાર્યની વિપુલતા માણસને મારતી નથી પરંતુ ચિંતા મારે છે. કાર્ય તો સ્વાસ્થ્ય પ્રદાન કરનારી વસ્તુ છે.' કાર્ય કરતા રહો, જરીક સારું જ રહેશે. તેથી આપણે આપણા કાર્યના સ્વામી બનવું જોઈએ. પ્લૂરોક કહ્યું છે: 'નીચ કાર્ય કરવું નીચતા છે. જોખમ ખેડયા વગર સારું કાર્ય કરવું સામાન્ય વાત છે. પરંતુ મહાન કાર્ય કરવું સજ્જનના હાથની જ વાત છે, ભલેને તે કરવાથી જોખમ વહોરવું પડે.' ક્યારેક એવું બને છે કે, મોટાં કાર્યો આપણે કરી શકતા નથી અને નાનાં કાર્યો આપણે કરવા ઈચ્છતા નથી.એનો અર્થ એ થયો કે આપણે કંઈ કરી શકવાના નથી. ફેંટને કહ્યું છે : 'એ રીતે કાર્ય કરો કે તમારી પ્રવૃત્તિઓનો સિદ્ધાંત સમગ્ર જગત માટે નિયમ કરી શકાય.' તમારું કાર્ય ઓછું કરવાથી કે આરામ કરવાથી દીર્ઘાયુષ્ય મળી જતું નથી. જેમ ઘડિયાળ બંધ કરવાથી સમય લંબાવી શકાતો નથી.' સમય તો સમયનું કામ કરતો જ હોય છે. કોઈએ કહ્યું છે : 'કાર્ય કર્યા વગર બેસી રહેવાથી મનમાં પાપના વિચાર આવે છે.'અસ્તુ.



### કેટરિના કૈફનો જન્મ ૧૬ જુલાઈ ૧૯૮૩ના રોજ થયો હતા

# કેટરિના કૈફ પતિ વિક્કી કૌશલથી વધુ પૈસાદાર

### કેટરીનાના પિતા મોહમ્મદ કૈફ કશ્મીરી મૂળના બ્રિટિશ ઉધોગપતિ છે, તેની માતા સુજૈન વકીલ અને ચેરિટી વર્કર છે



કેટરિના કૈફનો જન્મ ૧૬ જુલાઈ ૧૯૮૩ના રોજ થયો હતો. અભિનેત્રી પોતાનો ૪૧મો જન્મદિવસ મનાવી રહી છે,કેટરીનાના પિતા મોહમ્મદ કૈફ કશ્મીરી મૂળના બ્રિટિશ ઉધોગપતિ છે. તેની માતા સુજૈન વકીલ અને ચેરિટી વર્કર છે. વિદેશી આવેલી કેટરીનાએ બોલિવુડમાં મોટું નામ કમાય લીધું છે. આજે અભિનેત્રીની ગણતરી બોલિવુડની સૌથી ટોપની સ્ટારમાં થાય છે. કેટરીના અનેક બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યુ છે. તે ભારતની સૌથી મોંઘી અભિનેત્રીની લિસ્ટમાં સામેલ છે,તેમનો પતિ વિક્કી કૌશલ પણ બોલિવુડમાં સફળ અભિનેતા છે તેમછતાં કેટરીના કૈફ પતિથી પણ વધુ પૈસાદાર છે. અભિનેત્રીના મુંબઈના બાંદ્રામાં એક ૩બીએચકે એપાર્ટમેન્ટ છે. જેની કિંમત અંદાજે ૮.૨૦ કરોડ રુપિયા છે, લોખંડવાલામાં પણ અંદાજે ૧૭ કરોડની સંપત્તિ છે. તેમજ બાંદ્રામાં ૪ બીએચકે પેટહાઉસ છે. જેમાં પતિ સાથે રહે છે.કેટરીના કૈફનો લંડનમાં પણ એક બંગલો છે. જેની કિંમત અંદાજે ૭ કરોડ બતાવવામાં આવી રહી છે, કેટરીનાને મોંઘી કાર પણ પસંદ છે. તેના કાર કલેકશનમાં ૪૨ લાખની ઓડી, ૫૦ લાખની મર્સિડીઝ અને ૮૦ લાખની ઓડીક્યુ ૭ સામેલ છે.અભિનેત્રીની વર્ષની આવક ૩૦ કરોડ રુપિયા છે. એક ફિલ્મ માટે ૧૨ કરોડ રુપિયાનો ચાર્જ લે છે. આ સિવાય જાહેરાત માટે અંદાજે ૭ કરોડનો ચાર્જ લે છે. આ સાથે ઈન્સ્ટાગ્રામ પોસ્ટપરથી પણ મોટી કમાણી કરે છે.એક્ટિંગ સિવાય કેટરીના એક બિઝનેસ વુમન પણ છે. તેમને પોતાની એક બ્યુટી બ્રાન્ડ છે. જેને અભિનેત્રીએ ૨૦૧૯માં લોન્ચ કરી હતી. તેની કંપની વીગન પ્રોડક્ટ તૈયાર કરે છે. આ કંપનીની વર્ષનું રેવેન્યુ ૧૨ કરોડ રૂપિયા છે.

# સોનાક્ષી સિંહાને ઝહીર ઈકબાલ સાથે વહેલા લગ્ન નહીં થયાનો અફસોસ



### લાંબા સમયથી તે આ સમયની રાહ જોઈ રહી હતી અને જે જોઈતું હતું, તે પણ મળી ગયું છે

સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે ૨૩ જૂને મુંબઈમાં લગ્ન કર્યા હતાં. લગ્ન બાદ સોનાક્ષી પોતાની ફિલ્મ ‘કાકુડા’ના પ્રમોશનમાં બિઝી હતી, જેના કારણે તેઓ લાંબા હનીમૂન પર જઈ શક્યા ન હતા. સોનાક્ષી બીજા હનીમૂન માટે ફિલિપાઈન્સ પહોંચી છે. સોનાક્ષી અને ઝહીર સાત વર્ષ રિલેશનશિપમાં રહ્યા હતા. સોનાક્ષીનું માનવું છે કે, ઝહીર સાથે વહેલા લગ્ન થયા હોય તો ઘણું સારું રહેત. જો કે ‘લેટ ઈઝ બેટર ધેન નેવર’ કહીને તેણે મન મનાવ્યુ હતું. ઝહીર ઈકબાલ સાથે લગ્ન પહેલાથી જ સોનાક્ષીએ પોતાના સંબંધો અંગે ખુલીને વાત કરવા માંડી હતી. લગ્ન બાદ સોનાક્ષી પર્સનલ લાઈફ અંગે અપડેટ શેર કરતી રહે છે. સોનાક્ષીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, તે બીજા હનીમૂન માટે ફિલિપાઈન્સ પહોંચી છે. અલગ ફ્લાઈટ હોવાથી ઝહીર તેની સાથે નથી આવ્યો અને તે ઝહીરની રાહ જોઈ રહી છે. ફિલિપાઈન્સ પહોંચતા પૂર્વે સોનાક્ષીએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન રીસેન્ટ રિલીઝ ‘કાકુડા’ અંગે વાત કરી હતી. આ વર્ષે પ્રોફેશનલ ક્ષેત્રે ‘હીરામંડી’ બાદ ‘કાકુડા’ રિલીઝ થઈ છે. પર્સનલ લાઈફમાં ઝહીર સાથે લગ્નથી મોટી કોઈ ખુશી નથી. સોનાક્ષીના મતે, લાંબા સમયથી તે આ સમયની રાહ જોઈ રહી હતી અને જે જોઈતું હતું, તે મળી ગયું છે. ઝહીર સાથે સમય વીતાવવાનું ખૂબ ગમે છે અને અમે ખરા અર્થમાં શ્રેષ્ઠ મિત્ર છીએ. કામમાં વ્યસ્ત રહેવાનું અને ઘરે આવીને ઝહીર સાથે રહેવાનું ખૂબ ગમે છે. આ સ્થિતિ પહેલા આવી હોત તો સારું થાત, પરંતુ કે ‘લેટ ઈઝ બેટર ધેન નેવર’. ઝહીર અને સોનાક્ષી સાત વર્ષ રિલેશનશિપમાં રહ્યા હતા.

**જયશ્રી બર્મને જણાવ્યું,** એક સાધુની જેમ મેં જાણે તેના માટે તપસ્યા આદરી હતી

# સંદીપ ખોસલા દ્વારા ડિઝાઇન કરેલા રાણી કલરના હેન્ડ પેઇન્ટેડ ચણિયાચોળી પહેર્યા





પાછલા એક અઠવાડિયાથી અંબાણી પરિવારના લગ્નની વિવિધ બાબતો ચર્ચામાં રહી છે, ખાસ કરીને તેમના ડ્રેસીસ અને તેમના દાગીના સામાન્ય ભારતીય પરિવારથી લઈને અખબારો, ફેશનના વિશ્લેષકો અને ક્રિટિક્સથી લઈને જાણીતી હસ્તીઓમાં પણ ચર્ચાનો વિષય રહ્યાં છે. તેમાં બ્રાઈડ રાધિકાના ડ્રેસીસમાં શુભ આશીર્વાદ ફંક્શનની હેન્ડ પેઈન્ટેડ ચણિયાચોળીએ સહુ કોઈનું સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હતું. અંબાણી પરિવારની વહુ તરીકેના પહેલાં પ્રસંગમાં રાધિકાએ અબુ જાની - સંદીપ ખોસલા દ્વારા ડિઝાઈન કરેલા રાણી કલરના હેન્ડ પેઈન્ટેડ ચણિયાચોળી પહેર્યા હતાં. જે જયશ્રી બર્મન નામના કલાકાર દ્વારા પેઈન્ટ કરવામાં આવ્યાં છે. તેમની તસવીરો અને વિવિધ મંચ પર તેમના ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યા છે. જેમાં તેમણે આ ચણિયાચોળીની પ્રોસેસની વાત કરી હતી. જયશ્રી બર્મને જણાવ્યું, ‘હું એક મહિના સુધી સતત ૧૫-૧૬ કલાક સુધી પેઈન્ટ કરતી હતી. એક સાધુની જેમ મેં જાણે તપસ્યા આદરી હતી. જાણે એક કલ્પનાને જીવંત કરવા માટે મેં મેડિટેશન કરવાનું શરૂ કર્યુ હતું.’ આ ચિત્રોમાં જયશ્રી બર્મન તેમની જે શૈલી માટે જાણીતા છે તેવી દંતકથાઓને અનંત અને રાધિકાના મિલનના સંકેત સ્વરૂપે દર્શાવવામાં આવી છે. તેમાં દિવ્ય તેજ ધરાવતા નવયુગલ, તેમજ અનંતના પશુપ્રેમ, તેમજ ભારતીય સંસ્કૃતિમાં હાથીનું મહત્વ દર્શાવતાં હાથીના ચિત્રો બનાવવામાં આવ્યાં છે. જયશ્રી મહિલાલક્ષી ચિત્રો બનાવવા માટે જાણીતા છે. તેમણે જણાવ્યું કે સમગ્ર બ્રહ્માંડ તેમની પ્રેરણા હતું. ‘આકાશ પર અનેક સંકટ આવે તો પણ બ્રહ્માંડ તો સદાય જીવંત રહે છે. મારે એ હકારાત્મકતા જીવંત રાખીને બધી જ નકારાત્મક બાબતો જવા દેવી હતી. એક કલાકાર તરીકે, હું તેમની ખુશીઓ અને આશાઓ આપવા માગતી હતી.’ જયશ્રીએ આગળ જણાવ્યું, ‘‘સંદીપ ખોસલાએ મને કહ્યું, હતું કે તમારે કોઈને કશું જ પૂછવાની જરૂર નથી. મને એક કલાકાર તરીકે પૂરતી સ્વતંત્રતા આપવામાં આવી હતી. તો મેં કોઈ રફ કામ કર્યું નહોતું, સીધા જ કેન્વાસ પર પેન અને પેઈન્ટથી ચિત્રો બનાવવા લાગી હતી.’’ રાધિકાએ ખાસ અંગત વિનંતિ કરી હતી આ ચણિયાચોળી માટે, આ અંગે જયશ્રી બર્મને કહ્યું, ‘‘મને મે મહિનામાં રિયા કપૂરની ટીમ તરફથી કોલ આવ્યો હતો.

# ભગવાન કૃષ્ણ પર ફિલ્મો-વેબ સિરીઝ બનાવશે

### ૩ દાયકાથી વધુનો સમય થઈ ચૂક્યો છે પરંતુ તેમ છતાં આ સિરીયલનો ઝલવો ચાલુ જ છે



રામાનંદ સાગરની રામાયણ આવી તેના ૩ દાયકાથી વધુનો સમય થઈ ચૂક્યો છે પરંતુ તેમ છતાં આ સિરીયલનો ઝલવો ચાલુ જ છે. કોરોના મહામારીમાં પણ આ સિરીયલને ચાહકોનો ખુબ પ્રેમ મળ્યો હતો. હવે આ સિરીયલની સફળતા ને જોઈ સાગર પિકચર્સ એન્ટરટેનમેન્ટ પ્રોડક્શન હાઉસે મોટો નિર્ણય લીધો છે. તે ભગવાન કૃષ્ણ પર એક ફિલ્મ અને વેબ સીરિઝ બનવવાનું વિચારી રહ્યા છે. આવું પહેલી વખત નથી કે, જ્યારે આ પ્રોડક્શન હાઉસ ભગવાન કૃષ્ણ પર કોઈ પ્રોજેક્ટ લાવી રહ્યું હોય, કૃષ્ણના ટાઈટલ પહેલા પણ એક ટીવી શો આવી ચૂક્યો છે જે ખુબ હિટ રહ્યો હતો. હવે મેકર્સ ફરી એક વખત કૃષ્ણ પર નવા પ્રોજેક્ટ સાથે આવવાની તૈયારીમાં છે.ટ્રેડ એનાલિસ્ટ તરણ આર્દશે આ વાતની જાણકારી શેર કરી છે. તેમણે લખ્યું કે, રામાયણના ક્રિએટર્સ સાગર પિકચર્સ એન્ટરટેનમેન્ટ, ભગવાન કૃષ્ણ પર ફિલ્મ અને વેબ સીરિઝ લાવવાની તૈયારીમાં છે. જેમાં નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મ ૧૯૭૧ બનાવનારનું સહ-નિર્માણ હશે. આ એક મોટો પ્રોજેક્ટ હશે અને તેમાં સમગ્ર ભારતની સ્ટારકાસ્ટ હશે. ઈન્ટરનેશલ ફ્લઠ કંપની પણ આમાં સામેલ થશે. આ મેગા પ્રોજેક્ટ વિશે હજુ સુધી વધુ માહિતી પ્રાપ્ત થઈ નથી.રામાનંદ સાગરે ભારતને ૨ મોટી સીરિયલ આપી છે. તેનો પહેલો શો રામયણ સુપરહિટ રહ્યો અને કૃષ્ણા સીરિયલને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. આ સીરિલે અરુણ ગોવિલ, દીપિકા ચીખલિયા, દારા સિંહ, સુનીલ લહરી જેવા સ્ટાર ઘરે ઘરે પોપ્યુલર થયા છે. હવે ચાહકો ભગવાન શ્રી કૃષ્ણ પર આધારિત વેબ સીરિઝની રાહ જોઈ રહ્યા છે.

# જાન્હવી કપૂરની ડ્રેસિંગ સેન્સે ઊર્ફીની યાદ અપાવી

### લગ્નમાં તેના લૂક માટે વાહવાહી મેળવ્યા બાદ આ લૂકથી ફેન્સ નિરાશ થયા હતા







જાન્હવી કપૂરની ડ્રેસિંગ સેન્સ સામાન્ય રીતે વખણાતી હોય છે. સોમવારે એક ઈવેન્ટમાં જાન્હવીની ડ્રેસિંગ સેન્સ જોઈ ઘણાં લોકોને અતરંગી કપડાં પહેરી ચર્ચામાં રહેતી ઉર્ફી જાવેદ યાદ આવી ગઈ હતી. જાન્હવી બ્લૅક એન્ડ વ્હાઈટ કલરનો એક બાલમેઈન બ્લેઝર ડ્રેસ પહેરીને નીકળતાં સોશિયલ મીડિયા યુઝર્સને આશ્ચર્ય થયું હતું. જાન્હવીની આવનારી ફિલ્મ ‘ઉલઝ’ના ટ્રેઈલર પ્રિવ્યુની આ ઈવેન્ટ હતી. જેમાં ફિલ્મના ડિરેક્ટર સુધાંશુ સરીયા, તેમજ ફિલ્મના કલાકારો ગુલશન દેવૈયા અને રોશન મેથ્યુ પણ હાજર રહ્યા હતા. આ ઈવેન્ટ માટે જાન્હવીએ એક બ્લૅક એન્ડ વ્હાઈટ બ્લેઝર પેટર્ન દેખાય તેવું એક ગાઉન પહેર્યું હતું. જેમાં ઉપર બ્લૅક બ્લેઝર જાણે ડ્રેસમાં આગળ સંકેલીને સીવી લીધું હોય તેમ ઉપર તરફ તેમાંથી શર્ટનાં બંધ કોલર બહાર આવતાં દેખાતાં હતાં. જ્યારે તેની ઉપરનું બ્લેઝર પ્રકારનું વ્હાઈટ ગાઉન તેની પર પહેર્યું હોય તેમ તેમાં ભન્ટ સ્લિટ દેખાતી હતી. એક ફેન દ્વારા જાન્હવીની આ ડ્રેસની તસવીર શેર કરી હતી, જે ઘણા લોકોને ગમી નહોતી. એક યૂઝરે લખ્યું હતું,‘‘આ ડ્રેસનો કોન્સેપ્ટ સારો છે પરંતુ દેખાવમાં જરા પણ સારું નથી. અને આ ટૅગ શેનું છે.’’ તો બીજા એક યૂઝરે લખ્યું હતું,‘‘ભગવાનની હરિયાળી ધરતી પર આવું આ શું છે? હે ભગવાન, તેમાં લેબલ તો કેટલી ખોટી જગ્યાએ લગાડેલું છે.એ બહુ ખરાબ દેખાય છે.’’ જાન્હવીએ આ ડ્રેસ સાથે એક મોટું ગોલ્ડ બ્રેસલેટ પહેર્યું હતું, મોટી વીંટીઓ પહેરી હતી, સનગ્લાસ અને બ્લૅક એન્ડ વ્હાઈટ પંપ્સ શૂઝ પહેર્યા હતાં. સરવાળે બધું ખાસ જામતું નહોતું. અનંત અને રાધિકાના લગ્નમાં તેના લૂક માટે વાહવાહી મેળવ્યા બાદ આ લૂકથી ફૅન્સ નિરાશ થયા હતા.

### અંતરંગી ફોટોના કારણે હંમેશા ચર્ચામાં રહે છે

# ૭૨ લાખની ઘડિયાળ અને ૯૦ હજારના સ્નીકર્સ પહેરનાર આ ઓરી છે કોણ?



સ્ટાઈલિશ આઉટફિટમાં દેખાતો આ છોકરાને બધાએ ઓળખી જ લીધો હશે. તમે સોશિયલ મીડિયા પર આ વ્યક્તિના ફોટા ઘણીવાર જોયા હશે. હાલમાં જ આ વ્યક્તિ અનંત રાધિકાના લગ્નમાં જોવા મળ્યો હતો. ઓરહાન અવત્રામાની ઉર્ફે ઓરી સોશિયલ મીડિયાની દુનિયામાં જાણીતું નામ છે. બોલિવૂડ સ્ટાર્સની લગભગ દરેક પાર્ટીમાં ઓરી જોવા મળે છે. હાલમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નના તમામ ફંક્શનમાં જોવા મળ્યો હતો.ઓરી અવત્રામણીનું નામ હંમેશા ગૂગલ પર સર્ચ કરવામાં આવે છે. સેલિબ્રિટી સાથેના તેના ફોટો જોઈ લોકો જાણવા માંગે છે કે, આ ઓરી કોણ છે. તો ચાલો આજે તમને જણાવીશું ઓરી અવત્રામણી કોણ છે. તેમજ ઓરીના પરિવાર વિશે વાત કરીશું.ઓરી અંબાણીના રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં સ્પેશિયલ પ્રોજેક્ટના મેનેજર તરીકે કામ કરે છે. મોટા બિઝનેસ મેન અંબાણીના બાળકો તેમજ બોલિવુડ સેલિબ્રિટીના બાળકો સુધી મશહુર ઓરી કોઈ સ્ટાર કિડ્સથી ઓછો નથી. ઓરહાન અવત્રામણીનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૯ના રોજ થયો છે, તેમના પિતા, જોર્જ અવત્રામણીની એક બિઝનેસમેન છે અને તેમની માતાનું નામ શહનાઝ અવત્રામાણી છે. ઓરીનો ભાઈ કબીર અવત્રામણી છે. ૨૫ વર્ષના ઓરીનું પુરું નામ ઓરહાન અવત્રામાણી છે. મુંબઈના બિઝનેસમેન પરિવારમાંથી આવતો ઓરી માતા-પિતા અને ભાઈ સાથે મુંબઈમાં રહે છે.તેમણે ન્યુયોર્કમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેમણે ફાઈન આર્ટસ અને કોમ્યુનિકેશન ડિઝાઈનિંગમાં ડિગ્રી મેળવી છે.ઓરીનું સેલિબ્રિટી સાથે કનેક્શનની વાત કરીએ તો તેમણે કોલંબિયા યૂનિવર્સિટીમાંથી સારા અલી ખાન સાથે પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. ઓરીએ ૨૦૧૩થી ૨૦૧૭ સુધી તમિલનાડુમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ન્યુયોર્કમાં અભ્યાસ માટે ગયો હતો. ઓરહાન અવત્રામણી એક સોશિયલ મીડિયા ઈન્ફ્યુલસ છે, જે ઘણી વખત બોલીવુડ અને હોલીવુડની વિવિધ પાર્ટીઓમાં જોવા મળે છે. સેલિબ્રિટીઝ સાથે અસંખ્ય ઈવેન્ટ્સમાં તેમની હાજરીએ તેમને ઈન્ટરનેટ સેન્સેશન બનાવી દીધો છે. સ્ટાર કિડ્સની પાર્ટીમાં ઓરીને સૌ કોઈએ જોયો હશે.તમને જણાવી દઈએ કે, ઓરી બોલિવુડ ઈન્ડસ્ટ્રીનો ભાગ નથી,પરંતુ બોલિવુડ સેલિબ્રિટી અને સ્ટાર કિડ્સની સાથે જોવા મળતો હોય છે.તમને જણાવી દઈએ ઓરહાન અવત્રામાણી એક બિઝનેસમેનનો દિકરો છે. જે સ્ટાર કિડ્સની ભેન્ડ લિસ્ટમાં સામેલ છે. ઓરહાનનું નિકનેમ ઓરી છે, ઓરી હંમેશા મોટી મોટી પાર્ટીઓમાં જોવા મળતો હોય છે.

# ત્રીજા સ્ટેજનું કેન્સર હોવા છતાં હિના ખાન અટકવા તૈયાર નથી

### તેની સારવાર ચાલતી હોય તેનો મતલબ એવો નથી કે હું હંમેશા દવાખાનામાં જ હોઉં છું




હિના ખાન હાલ ત્રીજા સ્ટેજના કેન્સર સામે લડી રહી છે, પરંતુ તે પોતાનો કામ કરવાનો ઉત્સાહ ઓસરવા દેતી નથી. એક તરફ તેની સારવાર આગળ વધી રહી છે અને બીજી તરફ તે એક પછી એક કામ હાથ પર લઈ રહી છે. તેણે કહ્યું કે આ બીમારીને પણ સહજતાથી લેવાની જરૂર છે. હિનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે તે કઈ રીતે કામ કરે છે, તેની ટીમ કઈ રીતે તેના ઘાવ છૂપાવે છે અને તે વિગ પહેરે છે તે અંગે વાત કરી હતી. તેણે લખ્યું,‘‘શો મસ્ટ ગો ઓન.’’ હિનાએ વીડિયો સાથે લખ્યું,‘‘મારા નિદાન પછીનું મારું પહેલું કામ પચાલતાં ચાલતાં બોલવું અઘરું પડે છે, ખાસ કરીને જ્યારે તમે જીવનના સૌથી મોટા પડકારનો સામનો કરતાં હોય ત્યારે. તો તમારી જાતને ખરાબ દિવસ હોય ત્યારે વિરામ આપો, એટલું ચાલે.તમારો અધિકાર છે. પરંતુ જ્યારે સારા દિવસો હોય ત્યારે તમારા જીવનની મજા માણવાનું ભૂલશો નહીં. પછી એ ભલે ગમે તેટલાં ઓછાં હોય. છતાં આ દિવસો તમારા માટે મહત્વના છે. આ પરિવર્તનને સ્વીકારી લો, તેનું માન રાખો અને તેને સહજતાથી લો.’’ એક લાંબી નોટમાં તેણે લખ્યું,‘‘હું સારા દિવસોની રાહ જોતી રહું છું. કારણ કે હું મને જે ગમે તે કરી શકું છું કામ. મને મારું કામ બહુ ગમે છે. હું કામ કરું ત્યારે હું મારાં સપનાં સાચાં કરું છું. એ જ મારા માટે સૌથી મોટું મોટિવેશન છે. મારે કામ કરતાં રહેવું છે. ઘણા લોકો સારવાર દરમિયાન કોઈ પણ તકલીફ વિના કામ કરતાં હોય છે, હું તેમનાથી બિલકુલ અલગ નથી. હું આ મહિને આવા કેટલાંક લોકોને મળી છું, અને તમે નહીં માનો પણ તેનાથી મારો દૃષ્ટિકોણ બદલાઈ ગયો છે.’’

### વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરી તેની આગામી ફિલ્મ ‘બેડ ન્યૂઝ’ને લઈને ઘણા સમયથી ચર્ચામાં

# ‘બેડ ન્યૂઝ’ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર

**થોડા સમય પહેલા ‘બેડ ન્યૂઝ’ ફિલ્મનું ટ્રેલર રીલિઝ થયું હતું**

વિકી કૌશલ તેની આગામી ફિલ્મ ‘બેડ ન્યૂઝ’ને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. થોડા સમય પહેલા આ ફિલ્મનું ટ્રેલર રીલિઝ થયું હતું, જે ખૂબ જ મનોરંજક હતું. જે બાદ આ પિક્ચરના ત્રણ ગીતો પણ રિલીઝ થયા હતા. હવે આ ફિલ્મ ૧૯ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. વિકી આ દિવસોમાં પોતાની ફિલ્મનું પ્રમોશન કરી રહ્યો છે. હાલમાં જ તે પ્રમોશન માટે દિલ્હી પહોંચ્યો હતો, જ્યાં તેણે દિલ્હી મેટ્રોમાં સવારી કરી હતી.‘બેડ ન્યૂઝ’માં વિકી કૌશલની સાથે તૃપ્તિ ડિમરી અને એમી વિર્ક પણ જોવા મળશે. આ બંને દિલ્હી મેટ્રોમાં વિકી સાથે પણ જોવા મળ્યા હતા. ત્રણેયનો એક વીડિયો સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર ચાર્ચા બનાવી રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે તૃપ્તિ બંને એક્ટર્સને મેટ્રો રૂટ વિશે કહી રહી છે. તે પછી ત્રણેય રૂટ મેપ તરફ જુએ છે.‘બેડ ન્યૂઝ’ના અત્યાર સુધીમાં ત્રણ ગીતો રિલીઝ થઈ ચૂક્યા છે. તે છે ‘જાનમ’, ‘તૌબા તૌબા’ અને ‘મેરે મહેબૂબ મેરે સનમ’. ‘મેરે મહેબૂબ મેરે સનમ’ એ શાહરૂખ ખાનની ફિલ્મ ‘ડુપ્લિકેટ’ના ગીતની રિમેક છે. શાહરૂખની આ ફિલ્મ વર્ષ ૧૯૯૮માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં તેની સાથે જુહી ચાવલા જોવા મળી હતી.‘બેડ ન્યૂઝ’નું નિર્દેશન આનંદ તિવારીએ કર્યુ છે. કરણ જોહર આ તસવીરના નિર્માતા છે. વર્ષ ૨૦૧૯માં અક્ષય કુમાર, દિલજીત દોસાંઝ, કરીના કપૂર, કિયારા અડવાણી અભિનીત ફિલ્મ ‘ગુડ ન્યૂઝ’ રીલિઝ થઈ હતી. આ વિકીની ફિલ્મ ‘ગુડ ન્યૂઝ’ની સિક્વલ છે. અક્ષયની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. આ ફિલ્મે ભારતમાં જ ૨૦૫.૧૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. હવે જોવાનું એ રહેશે કે આ ફિલ્મ દ્વારા વિકી, એમી અને તૃપ્તિ કેવું શાનદાર પ્રદર્શન કરે છે. વિકી છેલ્લે ‘સામ બહાદુર’માં જોવા મળ્યો હતો. તેમની આ ફિલ્મ વર્ષ ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં વિકી ભારતના પહેલા ફિલ્ડ માર્શલ ‘સેમ માણેકશા’ના રોલમાં ખૂબ જ સારો હતો. આ ફિલ્મ હિટ રહી હતી અને બોક્સ ઓફિસ પર ૯૨.૯૮ કરોડની કમાણી કરી હતી.



# એક જ ટ્રેનમાં ૭ રાજ્યોની મુસાફરી કરો, એક માર્ગ ભારતની સૌથી લાંબી રેલ યાત્રા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।

ભારતીય રેલવે ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ સુધી ચાલે છે. ભારતીય રેલવે ટ્રેક પર્વતોથી જંગલો સુધી ફેલાયેલા છે. આવો જ એક માર્ગ ભારતની સૌથી લાંબી રેલ યાત્રા છે. જો તમે એકવાર આ મુસાફરી ચાલુ કરો છો તો તમે ૪ દિવસે તમારા મુકામ પર પહોંચશો. ટ્રેનની મુસાફરી સુખદ છે, પરંતુ શું તમે એક જ સીટ પર એક જ કોચમાં ૪ દિવસ પસાર કરી શકો છો? ભારતની આ ટ્રેનની મુસાફરી આસામના ડિબ્રુગઢથી શરૂ થાય છે અને ૪ દિવસની મુસાફરી કર્યા બાદ આ ટ્રેન તમિલનાડુના કન્યાકુમારી પહોંચે છે.

દેશની સૌથી લાંબી રેલ યાત્રા પૂરી પાડતી આ ટ્રેનનું નામ છે વિવેક એક્સપ્રેસ. આ ટ્રેન ૪ દિવસમાં ૪ હજાર કિલોમીટરથી વધુની સફર પૂરી કરે છે. રેલવે બજેટ ૨૦૧૧-૧૨માં ડિબ્રુગઢ - કન્યાકુમારી વિવેક એક્સપ્રેસની જાહેરાત કરવામાં આવી હતી. તેની શરૂઆત સ્વામી વિવેકાનંદના ૧૫૦મા જન્મદિવસે કરવામાં આવી હતી. આ ટ્રેન આસામના ડિબ્રુગઢથી તમિલનાડુના કન્યાકુમારી સુધી જાય છે. વિવેક એક્સપ્રેસ ૯ રાજ્યોમાં મુસાફરી કરે છે. દેશની આ સૌથી લાંબા અંતરની ટ્રેન આસામ, નાગાલેન્ડ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુ વચ્ચે દોડે છે.

આ સફર પૂર્ણ કરવામાં તેને ૪ દિવસનો સમય લાગે છે. ૧૯ કોચવાળી આ ટ્રેન તેની મુસાફરી દરમિયાન ૪,૧૮૯ કિલોમીટરનું અંતર કાપે છે. આ અંતર કાપવામાં ૭૫ કલાકનો સમય લાગે છે. મુસાફરી દરમિયાન ટ્રેન ૫૯ સ્ટેશનો પર ઉભી રહે છે. ડિબ્રુગઢ - કન્યાકુમારી સૌથી લાંબુ અંતર કાપતી આ ટ્રેન અઠવાડિયામાં માત્ર બે દિવસ ચાલે છે. IRCTC વેબસાઈટ અનુસાર ટ્રેન નંબર ૧૫૯૦૫/૧૫૯૦૬ વિવેક એક્સપ્રેસ મંગળવાર અને શનિવારે ચાલે છે. ડિબ્રુગઢથી સાંજે ૭.૨૫ વાગ્યે શરૂ થયેલી આ ટ્રેન ૭૫ કલાક સુધી પાટા પર ચાલે છે અને ચોથા દિવસે બપોરે ૨૨.૦૦ વાગ્યે કન્યાકુમારી પહોંચે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને વડોદરાની શ્રમિક બસેરા યોજનાની સત્તર સાઇટોનું ખાતમૂહુર્ત કરશે

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રમિક બસેરા યોજના અંતર્ગત અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને વડોદરાની કુલ સતર સાઈટોનું પ્રતિકાત્મક ખાતમૂહુર્ત કરવામાં આવશે. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આગામી તા.૧૮ જુલાઈના રોજ જગતપુર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રમિક બસેરા યોજનાની કુલ સતર સાઈટોનું પ્રતિકાત્મક ખાતમૂહુર્ત કરવામાં આવનાર છે. આ ખાતમૂહુર્તના પ્રસંગે મુખ્યમંત્રીશ્રી પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ, અમદાવાદ ખાતે બાંધકામ શ્રમિકોને સંબોધન કરશે. ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી, (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગ, નાગરિક ઉડ્ડયન વિભાગ તેમજ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર) શ્રી બલવંત સિંહ રાજપૂત, અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ડો. અંજુ શર્મા, શ્રમ આયુક્તશ્રી, અનુપમ આનંદ, નિયામકશ્રી, રોજગાર અને તાલીમ પણ આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

શ્રમિક બસેરા યોજના હેઠળ શ્રમિકોને કામકાજના નજીકના સ્થળે ઉત્કૃષ્ટ અને પરવડે તેવા પાયાની મૂળભૂત સુવિધાઓ સાથેના પ્રીફેબ્રિકેટેડ આવાસો મહિને ફક્ત પાંચ રૂપિયાના ટોકન દરે પ્રતિદિન પ્રતિશ્રમિક આપવામાં આવશે. આ સમગ્ર યોજનાના પારદર્શી વહીવટ માટે શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનુ પણ સાથેસાથે લોન્ચિંગ કરવામાં આવનાર છે. આ પોર્ટલના માધ્યમથી કેંદ્રીયકૃત રીતે શ્રમિકોને આવાસની જગ્યાની ફાળવણી કરવામાં આવશે.

શ્રમિક બસેરા યોજના હેઠળ બાંધકામ શ્રમયોગીઓની જીવનસ્તરમાં વધારો થાય તે હેતુથી શહેરી સતામંડળ તેમજ ગિફ્ટસિટી દ્વારા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને ઉપલબ્ધ કરાવેલ જમીનો પર હંગામી આવાસોનું બાંધકામ કરી શ્રમિકોના પરિવારોને રાહત દરે સ્વચ્છ પીવાનું પાણી, રસોડુ, વીજળી, પંખા, સ્ટ્રીટ લાઇટ, મેડિકલ ફેસીલિટી, ઘોડિયાઘર અને શૌચાલય સહિતની સુવિધા પૂરી આપવામાં આવશે.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક બસેરા યોજના હેઠળ અમદાવાદમાં ૭, ગાંધીનગરમાં ૧ રાજકોટમાં ૬ અને વડોદરામાં ૩ એમ કુલ-૧૭ સાઈટોનું ખાતમુહૂર્ત થનાર છે. આ સાઈટોના માધ્યમથી અંદાજે કુલ ૧૫૦૦૦ બાંધકામ શ્રમિકોને યોજનાનો લાભ મળવાનો અંદાજ છે.

# ફાલ્ગુની પાઠકે આવનારા ગીત ‘રંગારા’માં પોતાનું રેપ ડેબ્યુ કર્યું

## દાંડિયા ક્વીને ખલાસી ત્રિપુટી સાથે સહયોગ સાધતાં નવા ગુજરાતી ગીત સાથે રેપમાં પ્રથમ પ્રવેશ કર્યો

। અમદાવાદ, તા.૧૭ ।



ફાલ્ગુનીનું નવું ગુજરાતી રેપ રંગારા જુઓ! અસંખ્ય ગુજરાતી હિટ લોકગીતો પાછળના પ્રતિકાત્મક અવાજે રંગારા સાથે તેના સંગીત પ્રવાસમાં રોમાંચક વળાંક સાથે તેના ચાહકોને આશ્ચર્યમાં મૂકવા સુસજ્જ છે. ફાલ્ગુની પાઠક પહેલી જ વાર આ સ્વર્ણિમ ગુજરાતી ગીતમાં પોતાની રેપ કુશળતા દર્શાવશે. આ સાથે ગતિશીલ ખલાસી ત્રિપુટી આદિત્ય ગઢવી, અચિંત ઠક્કર અને સૌમ્યા જોશી સાથે તેનું પદાર્પણ જોડાણ કર્યું છે, જે અગાઉ ક્યારેય નહીં તેવો સંગીત જલસો બની રહેશે.પાઠક તેનાં હિટ ગરબા ગીતો માટે પ્રસિદ્ધ છે. હવે રંગારા પર કામ કરવા વિશે તેના રોમાંચ અને પડકાર બાબતે તે કબૂલ કરતાં કહે છે, “વાસ્તવમાં મારે માટે આખું ગીત પડકારજનક હતું,” “આ ગીત અલગ છે. હા, આનું કારણ હું સામાન્ય રીતે લોકગીતો ગાઉં છું. અને આ ગીત અલગ છે. અને હું ખરેખર તે ગાવા માગતી હતી. આ ગીત સાવ અલગ છે. આ શબ્દોનું પ્રોજેક્શન છે, તેમાં ટ્યુન છે, તેમાં હાર્મની છે, તે સંગીત ધરાવે છે, તે લય ધરાવે છે. અને ખાસ કરીને આ વખતે આ મારી સાથે રેપ ગીત છે. મારા સંપૂર્ણ જીવનમાં પહેલી વાર મેં રેપ ગીત ગાયું છે.”

છેલ્લા ત્રણ દાયકાથી સંગીત ઉદ્યોગમાં બોલબોલા ધરાવતી ફાલ્ગુની પાઠક દાંડિયાની નિર્વિવાદ ક્વીન છે, જે આગામી ગુજરાતી ગીતમાં પરંપરા અને નાવીન્યતાને સાથોસાથ લાવે છે અને ગુજરાતી સંગીતને સંપૂર્ણ નવી ઊંચાઈએ લઈ જવા માટે સુસજ્જ છે.

# લીમડી જીવન જ્યોત વિદ્યાલયમાં રેઈન ડેની ઉજવણી કરાઈ






તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

લીમડી ના કારઠ રોડ ઉપર આવેલી વન્ડરકુલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત,જીવન જ્યોત વિદ્યાલય લીમડીના (ગુજરાતી માધ્યમ) કે.જી. વિભાગ તેમજ બાલવાટીકા ના બાળકો દ્વારા આજરોજ “રેની ડે” રેઈન એક્ટિવિટીનું આયોજન કરવામાં આવેલ જેમાં બાળકો દ્વારા કલરફુલ છત્રીઓ તેમજ રેઈન કોટ પહેરી ઉજવણી કરવામાં આવી હતી. જેમા બાલવાટીકા, જુનિયર કે.જી, સીનિયર કે.જી ના વિધાર્થીઓ એ ભાગ લીધો હતો.

# નીતિશ સરકારને SCનો ફટકો, કહ્યું,”રાજ્યોને અનામતની યાદી બદલવાનો અધિકાર નથી”

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે રાજ્યોને અનુસૂચિત જાતિ (SC)ની યાદીમાં ફેરફાર કરવાનો કોઈ અધિકાર નથી. આ સત્તા ફક્ત સંસદમાં જ છે, કારણ કે SC સૂચિમાં કોઈપણ ખોટા સમાવેશથી અસલી SC સભ્યોને તેમના કાયદેસર લાભોથી વંચિત રાખવામાં આવે છે. ૨૦૧૫માં બિહાર સરકારની દરખાસ્તને નકારી કાઢતા, સુપ્રીમ કોર્ટે એક્સ્ટ્રીમલી બેકવર્ડ ક્લાસ (EBC) સૂચિમાંથી પાન, સવાસી, પનાર સાથે SC સૂચિમાં તંતી-તંતવાના વિલીનીકરણને અમાન્ય ઠેરવ્યું હતું. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે જાહેર કર્યું કે રાજ્ય સરકારને બંધારણની કલમ ૩૪૧ હેઠળ જીઝની યાદીમાં ફેરફાર કરવાનો અધિકાર નથી. સુપ્રીમ કોર્ટે આદેશમાં કહ્યું કે અમને એ સ્વીકારવામાં કોઈ સંકોચ નથી કે ૧ જુલાઈ ૨૦૧૫નો ઠરાવ સ્પષ્ટપણે ગેરકાયદેસર હતો. કારણ કે રાજ્ય સરકારને બંધારણની કલમ ૩૪૧ હેઠળ પ્રકાશિત અનુસૂચિત જાતિની યાદી સાથે ચેડા કરવાનો કોઈ અધિકાર નથી. ૨૦૧૫માં, SC લાભ માટે “તંતી-તંતવા”ને પાન, સવાસી, પનાર સાથે મર્જ કરવાની બિહારની સૂચનાને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી, પરંતુ કોર્ટે તેને સમર્થન આપ્યું હતું. ઘણા અરજદારો અને સંગઠનોએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી અને વરિષ્ઠ વકીલ ઈન્દિરા જય સિંહની આગેવાની હેઠળ, અરજદારોએ દલીલ કરી કે રાજ્યને SC સૂચિમાં ફેરફાર કરવાનો અધિકાર નથી, જે ફક્ત સંસદમાં જ સુધારી શકાય છે. જસ્ટિસ વિક્રમ નાથના ચુકાદાએ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે, SCની યાદીમાં કોઈપણ ફેરફાર સંસદ દ્વારા અધિનિયમિત થવો જોઈએ. કોર્ટે તંતી-તંતવાને SC લાભો આપવાની બિહારની કાર્યવાહીને ગંભીર બંધારણીય ઉલ્લંઘન ગણાવ્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી કાર્યવાહી SC સભ્યોને તેમના લાભોથી વંચિત રાખે છે.





તસ્વીર : બ્રિજેશ ત્રિવેદી, અમદાવાદ

રાજ્યમાં ગૌરીવ્રતની શરૂઆત થતા ગૌરીવ્રતના પ્રથમ દિવસે મણિનગર વિધાનસભાના ધારાસભ્ય અમૂલ ભટ્ટ, કાઉન્સિલર કરણ ભટ્ટ, ઈલાક્ષીબેન શાહ અને ચંદ્રકાંત ચૌહાણ તેમજ તમામ હોદ્દે દારની ઉપસ્થિતિમાં ભૈરવનાથ ક્વાર્ટસએ નાની છોકરીઓનું પૂજન કરી તેને ફળો, ડ્રાયફ્રુટ્સ, પુસ્તકોનું વિત્રણ કરવામાં આવ્યું હતું.

## ઝાલોદ પાલિકાની પ્રી.મોન્સૂન કામગીરી ફક્ત કાગળ પર

# વરસાદી પાણીના નિકાલ માટેની મોટી કેનાલમા ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।



ઝાલોદ નગરપાલિકા દ્વારા પ્રી. મોન્સૂન અન્વયે નગરમાં કોઈ પણ જાતની નક્કર કામગીરી કરી હોય તેવું જોવા મળતું નથી. નગરમાં ખાડાઓ, ગટર લાઈન પર લોખંડની જાળીનો અભાવ, વરસાદ વધારે આવે તો તેના પાણીનો નિકાલ આ બધી કામગીરી કદાચ ફક્ત કાગળ પર કામ દર્શાવવા કરી હોય કેમકે નગરમાં આવી બધી કામગીરીમાં પાલિકા તંત્ર સુસ્ત હોય તેમ લાગી રહેલ છે.

ઝાલોદ નગરમાં જો વરસાદ વધુ વરસે અને નગરનું રામસાગર તળાવ જો ભરાઈ જાય તો તે પાણીના નિકાલ માટે જે ખુલ્લી ગટર બનાવવામાં આવેલ છે તે ગટર લાઈનની સફાઈ પાલિકા દ્વારા કરવામાં આવેલ નથી તળાવના પાણીના વરસાદી માટે બનાવવામાં આવેલ કેનાલોમા જંગલી વનસ્પતિનુ સામ્રાજ્ય વધી ગયેલ છે .ઝાલોદ શિવમ પેટ્રોલ પમ્પ પાસે પાલિકાની તળાવના વરસાદી પાણીના નિકાલ માટેની કેનાલ જોઈએ તો ત્યાં મોટી મોટી વનસ્પતિ ઉગી ગયેલ છે. વળી આટલી મોટી સંખ્યામાં વનસ્પતિ કેનાલમાં ઉગી નીકળતા ત્યાં જીવ જનાવર પણ હોય શકે... પાલિકા દ્વારા બે વર્ષ પહેલા બનાવેલ મોટી ગટર લાઈનનુ પાણી પણ આ ગટરમા જ જાય છે. વધારે વરસાદ પડે તો આ કેનાલમા ભરાયેલ પાણી પાસેની સોસાયટીમા ભરાઈ જાય છે તેથી વધુ પાણી જો આવે અને પાસેની સોસાયટીના રહીશોના ઘરમા જો પાણી ભરાઈ જાય તો નાના મોટા જનાવર ઘરમાં આવી જાય તેવો ડર સતત અહીંના રહેવાસીઓને સતાવે છે. વર્ષોથી વધુ વરસાદ પડે ત્યારે મુખ્ય માર્ગો પર પણ પાણી આવી જાય છે તો પાલિકાએ નગરની આ સમસ્યાને ધ્યાને કેમ લીધી નથી. હાલ કુંભકર્ણની નિંદ્રામાં આરામ ફરમાવતા સત્તાધીશોની આંખો ક્યારે ખુલશે તેઓ પ્રશ્ન અહીંના રહીશોને સતાવી રહેલ છે. નગરના લોકો ચર્ચા કરી રહેલ છે પાલિકાને પ્રી.મોન્સૂન કામગીરી માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તો આ ગ્રાન્ટ ક્યાં વપરાય છે... પાલિકા પ્રી.મોન્સૂનની કામગીરી માટે મળતી ગ્રાન્ટનો વહીવટ ફક્ત કાગળ પર થાય છે કે શું.... કાગળ પર ગ્રાન્ટ વપરાતી હોય તો આ ગ્રાન્ટ કોણ બારોબર ઉપાડી લે છે.... આવા પ્રશ્નો નગરમાં ચર્ચાતા જોવા મળી રહેલ છે. બીજી બાજુના પાસામાં એવી પણ ચર્ચા છે કે જો પાલિકાને પ્રી.મોન્સૂન માટે ગ્રાન્ટ ન આવતી હોય તો ચોક્કસ પ્લાન બનાવી ગ્રાન્ટની માંગણી કેમ કરવામાં આવી નથી...

આ બધા પ્રશ્નો વચ્ચે નગરજનોને દરેક તબક્કે ભોગવવાનો વારો આવે છે પાલિકામા ખુરસી પર બેસી કામ કરતા કર્મચારીઓના અણઆવડતનો ભોગ જાહેર જનતા બની રહેલ છે. ખુરસી પર બેઠા સત્તાધીશો ખુરસી પરથી ઉઠી નગરમાં દરેક વિસ્તારમાં ફરી ત્યાં રહેતા રહેવાસીઓ પાસે સમસ્યા જાણી નગરજનોની સમસ્યા દૂર કરે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

# યુપીના ૨૦ જિલ્લામાં પૂર, 30 ગામો ડૂબ્યા : ગુજરાત-મહારાષ્ટ્રમાં રેડ એલર્ટ

। (એજન્સી) લખનૌ, તા.૧૭ ।

ઉત્તર પ્રદેશના ૨૦ જિલ્લામાં પૂરની સ્થિતિ છે. નેપાળ સરહદની નદીઓની સાથે ગંગા પણ વહેતી થઈ છે. વારાણસીમાં ગંગાનું જળસ્તર દર કલાકે ૫થી ૧૦ સેન્ટિમીટર વધી રહ્યું છે. ગોરખપુરમાં રાપ્તી નદી ખતરાના નિશાનથી આગળ વહી રહી છે. રસ્તાઓ પર હોડીઓ ફરી રહી છે. ૩૦ ગામો પાણીમાં ડૂબી ગયા છે. ગૃહમંત્રી અમિત શાહે પણ સીએમ યોગી સાથે પૂરની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. બીજી તરફ બિહારમાં પણ ઘણા વિસ્તારોમાં પૂરની સ્થિતિ યથાવત છે. મુઝફ્ફરપુરમાં સ્થિતિ સૌથી ખરાબ છે. કટરા બ્લોકમાં બાગમતી અને લખંડેઈ નદીઓ તણાઈ રહી છે. બકુચી, પટારી, અંદામા, બસઘટ્ટા, નવાદા, ગંગેયાના ૫૦ હજારથી વધુ ગામોની વસ્તી પૂરના પાણીથી ઘેરાઈ ગઈ છે.હવામાન વિભાગે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગોવામાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. તે જ સમયે મધ્યપ્રદેશ, તમિલનાડુ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે આગામી ચોવીસ કલાકમાં ઉત્તરાખંડ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આંદામાન અને નિકોબારમાં ભારે વરસાદની આગાહી કરી છે. તે જ સમયે આઈએમડીએ ઓડિશા, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, મધ્ય પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. બિહારના મુઝફ્ફરપુરમાં પૂરના કારણે ગામડાઓમાં અનેક ફૂટ પાણી ભરાઈ ગયા હતા. નદીઓના જળસ્તરમાં વધારો થવાને કારણે આ પૂર આવ્યું છે.દિલ્હીમાં ભારે વરસાદ થયો હતો. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે. તમારી હિંમત પ્રેમ અપાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે ભીડભરી બસમાં અથવા ટ્રેનમાં પ્રવાસ કરતી વખતે બ્લડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો.

**કર્ક (ડ,હ) :**

આજે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો.

**સિંહ (મ,ટ) :**

આજે તમારા જીવનની અમુક અંધારી તકલીફોને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી, ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો.

**તુલા (ર,ત) :**

આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે બોલતા પહેલા બે વાર વિચાર કરોજો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ઉતાવળમાં મૂડીરોકાણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**મકર (ખ,જ) :**

આજે બપોર પછી પરિવાર સાથે મળીને ખુશી તથા મોજમજા કરવાનો દિવસ છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે સવારથીજ અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે. કાનું ટેન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી.

# ખેડૂત નેતા નવદીપને જેલમાંથી જામીન પર છોડવામાં આવ્યો હતો



| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

ખેડૂત નેતા અને વોટર કેનન બોય તરીકે પ્રખ્યાત નવદીપ જલબેડાને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાંથી જામીન મળ્યા બાદ મંગળવારે મોડી રાત્રે જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. ખેડૂત આગેવાનની મુક્તિ સમયે પરિવારના સભ્યો અને ખેડૂત સંગઠનના આગેવાનો તેમનું સ્વાગત કરવા પહોંચ્યા હતા.મંગળવારે તેની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે તેના જામીન મંજૂર કર્યા, ત્યારબાદ તેણે મંગળવારે જ તેની મુક્તિ માટે જામીન બોન્ડ ભર્યા. આ પછી જેલ પ્રશાસને મોડી રાત્રે તેને મુક્ત કર્યો હતો. આ દરમિયાન મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા અને જેલમાંથી બહાર આવતાની સાથે જ ખેડૂતોએ નવદીપ અને નવદીપના વકીલનું પુષ્પાંજલિ આપી સ્વાગત કર્યું હતું અને કહ્યું હતું કે તેઓ ભવિષ્યની લડાઈ તાકાતથી લડશે. નવદીપે કહ્યું કે આ રેસની લડાઈ છે અને તે લડાઈ ચાલુ રાખશે. નવદીપના વકીલે કહ્યું કે નવદીપ સામે ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા છે, આ કોર્ટના આદેશથી સ્પષ્ટ થઈ ગયું છે.તે જ સમયે, ખેડૂત સંગઠનોએ નવદીપની મુક્તિ માટે ૧૭ જુલાઈ, બુધવારે અંબાલાના એસપી ઓફિસને ઘેરવાની જાહેરાત કરી હતી. પરંતુ હવે કોર્ટે મંગળવારે જ તેને જામીન આપી દીધા છે અને જામીનના બોન્ડ ભર્યા બાદ મોડી રાત્રે તે જેલમાંથી મુક્ત થયો છે. હવે આવી સ્થિતિમાં ખેડૂતો ફરીથી રણનીતિ બનાવશે, કારણ કે તેઓએ કહ્યું છે કે તેઓ એસપી અંબાલા ઓફિસની બહાર બે દિવસ સુધી વિરોધ પ્રદર્શન કરશે.અંબાલાના એસપી સુરેન્દ્ર સિંહ ભૌરિયાએ કહ્યું કે જો કોઈ ખેડૂત પરવાનગી વિના ઘેરાવમાં જોડાશે અથવા કોઈ સરઘસમાં ભાગ લેશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.તેમણે કહ્યું કે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ હેઠળ જિલ્લામાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા છે. પોલીસ ખેડૂતોના પ્રદર્શનની વિડિયોગ્રાફી પણ કરશે જેથી કરીને વિરોધીઓની ઓળખ થઈ શકે.તમને જણાવી દઈએ કે નવદીપની તેના સહયોગી ગુરકીરત શાહપુર સાથે માર્ચ મહિનામાં મોહાલીના શહીદ ભગત સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીકથી ધરપકડ કરવામાં આવી હતી.

### દેવેન્દ્રએ કાર્યકરોને કહ્યું

# 'કોંગ્રેસ દિલ્હી વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડશે'

## દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનના ઈન્ડિયા બ્લોકમાંથી અલગ થવાનો ગણગણાટ તેજ બન્યો છો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનના ઈન્ડિયા બ્લોકમાંથી અલગ થવાનો ગણગણાટ તેજ બન્યો છે. આ ક્રમમાં, મંગળવારે દિલ્હી કોંગ્રેસના પ્રમુખ દેવેન્દ્ર યાદવે પાર્ટી કાર્યકર્તાઓને કહ્યું કે કોંગ્રેસ આગામી વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડશે, કારણ કે AAP સાથે તેનું ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે હતું. દિલ્હી કોંગ્રેસના વડા દેવેન્દ્ર યાદવે દાવો કર્યો હતો કે તાજેતરની લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટીની વોટ ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયા બાદ કાર્યકરો અને સામાન્ય લોકોમાં નવો ઉત્સાહ છે. આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટી વધુ સારું પ્રદર્શન કરશે, કારણ કે લોકો હવે પરિવર્તનની રાહ જોઈ રહ્યા છે. પ્રીત વિહારમાં ક્રિષ્ના નગર જિલ્લા કોંગ્રેસ સમિતિના અધિકારીઓની બેઠકને સંબોધતા તેમણે કહ્યું કે બ્લોક અને જિલ્લા



કોંગ્રેસ સમિતિની બેઠકોએ બૂથ સ્તરે પાર્ટીને મજબૂત કરવા કાર્યકરોને સક્રિય કર્યા છે. દિલ્હી વિધાનસભામાં કોંગ્રેસને ફરી સત્તામાં લાવશે.તેમણે પોતાના નિવેદનમાં કાર્યકરોને વધુમાં જણાવ્યું હતું કે, આગામી ચૂંટણીમાં કોંગ્રેસ એકલા હાથે લડશે. કારણ કે છછઁ સાથે ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે જ હતું. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને લોકોનું સ્પષ્ટ સમર્થન મળ્યું છે, કારણ કે ચૂંટણીમાં પાર્ટીની વોટ ટકાવારી વધી છે અને આ સ્પષ્ટ સંકેત છે કે લોકો કોંગ્રેસ એકલા હાથે વિધાનસભા ચૂંટણી લડે તેવું ઈચ્છે છે. યાદવે આરોપ લગાવ્યો કે લોકો પાણીની તંગી, વીજળીના દરમાં વધારો, પાણી ભરાવા અને પાણીની ચોરીથી પીડાઈ રહ્યા છે કારણ કે સત્તામાં રહેલી સરકાર તેમની સમસ્યાઓ હલ કરવાને બદલે માત્ર બહાના બનાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમામ જિલ્લા કોંગ્રેસ સમિતિઓ ડિસ્કોમ દ્વારા વીજળીના દરમાં લગભગ નવ ટકા વધારા માટે દિલ્હી સરકાર સામે વિરોધ કરશે. સમગ્ર દિલ્હીમાં ૫૦ થી વધુ સ્થળોએ દેખાવો કરવામાં આવશે. અન્ય નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેમણે દિલ્હીના લોકોને કોંગ્રેસના પ્રદર્શનમાં હજારોની સંખ્યામાં જોડાવા અપીલ કરી છે કારણ કે પાર્ટી ગ્રાહકોના હિત માટે લડી રહી છે.

### અમોલ કીર્તિકર બોમ્બે હાઈકોર્ટ પહોંચ્યા

# સામાન્ય ચૂંટણીમાં રવીન્દ્ર વાયકરની ૪૮ મતોથી જીતને પડકારી

## રજીમાં, તેમણે માંગ કરી છે કે તેમને વિજેતા જાહેર કરવામાં આવે અને મત ગણતરી પ્રક્રિયામાં ક્ષતિઓનો આક્ષેપ કર્યો છે



| (એજન્સી) મુંબઈ, તા.૧૭ |

શિવસેનાના ઉમેદવાર અમોલ કીર્તિકરે લોકસભા ચૂંટણીમાં રવિન્દ્ર વાયકરની જીતને પડકારતી બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં, તેમણે માંગ કરી છે કે તેમને વિજેતા જાહેર કરવામાં આવે અને મત ગણતરી પ્રક્રિયામાં ક્ષતિઓનો આક્ષેપ કર્યો છે. શિવસેનાના નેતા અમોલ કીર્તિકરે લોકસભા ચૂંટણીમાં રવિન્દ્ર વાયકરની જીતને પડકારતા બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. અરજીમાં તેણે માંગ કરી છે કે તેને વિજેતા જાહેર કરવામાં આવે. ઉધના જૂથના ઉમેદવાર અમોલ કીર્તિકર સીએમ એકનાથ શિંદે જૂથના નેતા રવિન્દ્ર વાયકર સામે ૪૮ મતોના ઓછા માર્જિનથી હારી ગયા હતા. કીર્તિકરની અરજી, એડવોકેટ અમિત કરંડે દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં મતગણતરી કેન્દ્રમાં સમસ્યાઓ અને નિર્ધારિત ધોરણોનું પાલન ન કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કીર્તિકરે જણાવ્યું હતું કે "ગણતરીના ટેબલ પર ચૂંટણી પિટિશનર (કીર્તિકર) ના એજન્ટો દ્વારા નોંધાયેલા/નોંધાયેલા મતોની સરખામણીમાં જાહેર કરાયેલા મતોમાં મોટી વિસંગતતા હતી."અરજીમાં એ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે મતોની પુનઃગણતરીની માંગ કરવામાં આવી હતી, પરંતુ કાયદાકીય સૂચનાઓની સંપૂર્ણ અવગણના કરીને તેને ઉતાવળમાં નકારી કાઢવામાં આવી હતી. તેઓએ મુંબઈ ઉત્તર-પશ્ચિમ મતવિસ્તારમાંથી વાઈકરની ચૂંટણી રદ કરવાની અને મતગણતરી પ્રક્રિયામાં કથિત ક્ષતિઓની માંગણી કરી છે.અરજીમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે રિટર્નિંગ ઓફિસરે મતોની ગણતરી વખતે "અત્યંત ઉતાવળ અને સ્પષ્ટ મનસ્વીતા" દર્શાવી હતી. તેમની અરજી પર સુનાવણી કરતી વખતે, કીર્તિકરે કોર્ટને સમગ્ર મત ગણતરી પ્રક્રિયાના વિડિયો રેકોર્ડિંગને મંગાવવાની પણ માંગ કરી હતી. તે જ સમયે, કીર્તિકરના વકીલ કરંડે આવતા અઠવાડિયે જસ્ટિસ એનજે જમાદારની બેંચ સમક્ષ અરજીનો ઉલ્લેખ કરી શકે છે.તમને જણાવી દઈએ કે રવિન્દ્ર વાયકર અને અમોલ કીર્તિકરે મુંબઈ નોર્થ-વેસ્ટ સીટ પરથી લોકસભા ચૂંટણી લડી હતી. નજીકની હરીફાઈમાં, કીર્તિકર વાઈકર સામે ૪૮ મતોની પાતળી સરસાઈથી હારી ગયા. વાયકરને ૪૫૨૬૪૪ વોટ મળ્યા જ્યારે કીર્તિકરને ૪૫૨૫૯૬ વોટ મળ્યા.અમોલ પહેલા હિંદુ સમાજ પાર્ટીના અન્ય ઉમેદવાર ભરત શાહે ગયા મહિને શિવસેનાના નેતા વિરુદ્ધ અરજી કરી હતી. તેની અરજી પર પણ સુનાવણી થવાની બાકી છે.

### એર ઈન્ડિયાએ વેકેન્સી બહાર પાડી હતી

# નોકરીના ઈન્ટરવ્યું માટે યુવાનોની ભારે ભીડ પહોંચી

## વોક-ઈન ઈન્ટરવ્યુ માટે મુંબઈના કાલીનામાં હજારો યુવાનોની ભીડ એકઠી થઈ હતી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

એર ઈન્ડિયા એરપોર્ટ સર્વિસ લિમિટેડે ઘણી જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી હતી. આ ભરતીઓ માટે, હજારો યુવાનો મંગળવારે મુંબઈના કાલીના પહોંચ્યા, જ્યાં કંપનીએ ૨૨૧૬ એપ્રેન્ટિસ નોકરીઓ માટે વોક-ઈન ઈન્ટરવ્યુનું આયોજન કર્યું હતું.વોક-ઈન ઈન્ટરવ્યુ માટે મુંબઈના કાલીનામાં હજારો યુવાનોની ભીડ એકઠી થઈ હતી, ત્યારબાદ સ્થિતિ નિયંત્રણ બહાર થઈ ગઈ હતી. આ પછી કંપનીએ ઈન્ટરવ્યુ માટે આવેલા યુવકોને તેમનો સીવી છોડી દેવા કહ્યું.એવિએશન ઈન્ડસ્ટ્રી એમ્પ્લોઈઝ ગિલ્ડના જનરલ સેક્રેટરી જ્યોર્જ અબ્રામ્સે જણાવ્યું હતું કે કાર્યક્રમનું ગેરવ્યવસ્થાપન



કરવામાં આવ્યું હતું. હજારો જગ્યાઓ પર ભરતી માટે લોકોને બોલાવવામાં આવ્યા હતા. તેને પૈસાના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે બોલાવવામાં આવ્યો હતો, પરંતુ અમે તેને કહ્યું હતું કે આ સમયે પૈસા ન લો, તેને ૫ છી બોલાવવામાં આવશે.તાજેતરમાં ગુજરાતના ભરૂચમાં આવેલી એક હોટલમાં નોકરી માટેનો ઈન્ટરવ્યુ યોજાયો હતો. આ દરમિયાન અહીં અરજદારોની ભીડ જામી હતી. ઈન્ટરવ્યુ માટે ઉમટી પડેલી ભીડમાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભરૂચના અંકલેશ્વરમાં ખાનગી કંપનીમાં નોકરી માટે આ ઈન્ટરવ્યુ યોજાયો હોવાનું સામે આવ્યું છે. જેને લઈ યુવા અરજદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ભીડ એટલી વધી ગઈ હતી કે તેને કાબૂમાં રાખવું મુશ્કેલ બની ગયું હતું.આ ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં બેકાબૂ યુવાનોનું ટોળું હોટલની બહારની રેલિંગ પર ચઢી ગયું હતું. જેના કારણે રેલિંગ તૂટી ગઈ અને અનેક યુવકો નીચે પડી ગયા. ઉપરાંત રેલિંગની સામે પાર્ક કરાયેલા વાહનોને પણ નુકસાન થયું હતું.

### વિસ્ફોટકોનો ઉપયોગ કરીને બસોને આગ લગાડી

# બસો સળગાવી, રસ્તા રોક્યા, હિંસક વિરોધમાં ૬ના મોત...

| (એજન્સી) ઢાકા, તા.૧૭ |

બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં અનામતના વિરોધમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. અનામત નાબૂદીની માંગ સાથે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી રહ્યા છે. અનામત સામે ચાલી રહેલા આ વિરોધે હવે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. પોલીસ સાથેની અથડામણમાં ૬ લોકોના મોત થયા છે. તે જ સમયે, ૧૦૦ થી વધુ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે ઢાકા સહિત બાંગ્લાદેશના અલગ-અલગ શહેરોમાં સ્કૂલ, કોલેજ અને મદરેસાઓ બંધ કરવી પડી છે.વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ સાથેની અથડામણમાં અત્યાર સુધીમાં જે છ લોકોના મોત થયા છે તેમાં ઢાકા, ચિત્તાગોંગ અને ઉત્તર પશ્ચિમ રંગપુરના દેખાવકારોનો સમાવેશ થાય છે. તેમની વચ્ચે ૩ વિદ્યાર્થીઓ છે. અનામત સામેના મોટા ભાગના આંદોલનો યુનિવર્સિટી કેમ્પ સમાં થઈ રહ્યા છે. જેને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીની આસપાસ ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સાવચેતીના પગલા તરીકે, અર્ધલશ્કરી દળ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી) ના જવાનોને પણ ચાર મોટા શહેરોમાં તૈનાત કરવામાં આવ્યા છે.બાંગ્લાદેશના અલગ-અલગ શહેરોમાં ચાલી રહેલી હિંસાને કારણે ભીડભાડવાળી જગ્યાઓ પર પણ મૌન છે. એક દિવસ અગાઉ, અજાણ્યા વિરોધીઓએ મોલોટોવ કોકટેલ વિસ્ફોટકોનો ઉપયોગ કરીને બસોને આગ લગાડી હતી. ઘણા શહેરોમાં હિંસાના છૂટાછવાયા બનાવો પણ નોંધાયા હતા. બાંગ્લાદેશના શિક્ષણ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ શાળાઓ, કોલેજો, મદરેસાઓ અને પોલિટેકનિક સંસ્થાઓને બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે.' વાસ્તવમાં, બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ કહે છે કે વર્તમાન આરક્ષણ પ્રણાલી મોટાભાગે સરકારી સેવાઓમાં હોશિયાર વિદ્યાર્થીઓની નોંધણીને અટકાવી રહી છે.

## 'રાજકારણ શંકરાચાર્યનું ક્ષેત્ર નથી... આના પર બોલશો નહીં'

| (એજન્સી) મુંબઈ, તા.૧૭ |

શિવસેના (શિંદે જૂથ)ના નેતા સંજય નિરુપમે જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી પર ટિપ્પણી કરતા કહ્યું કે રાજકારણ તેમનું ક્ષેત્ર નથી અને તેમણે તેના પર ટિપ્પણી કરવાથી બચવું જોઈએ.હકીકતમાં, સોમવારે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને ઉદ્ધવ ઠાકરેની મુલાકાત બાદ જ્યોતિષ પીઠના શંકરાચાર્યએ કહ્યું કે તેઓ (ઉદ્ધવ) વિશ્વાસ ઘાતનો શિકાર થયા છે. હવે શિવસેનાના નેતાએ આ નિવેદન પર ટિપ્પણી કરી છે.સંજય નિરુપમે મંગળવારે મીડિયાને કહ્યું કે હું શંકરાચાર્યને કહેવા માંગુ છું, તમે ધર્મ અને આધ્યાત્મિકતા પર બોલો અને અમને માર્ગદર્શન આપો. તમે અમારા ધર્મગુરુ છો, પણ રાજકારણ પર બોલશો નહીં. આ તેમનું ક્ષેત્ર નથી. ''શંકરાચાર્યએ એમ પણ કહ્યું કે ઉદ્ધવ ઠાકરે સાથે છેતરપિંડી થઈ છે અને ઘણા લોકો તેનાથી નારાજ છે. તેમની વિનંતી મુજબ આજે હું તેમને મળ્યો હતો અને તેમને કહ્યું હતું કે જ્યાં સુધી તેઓ (મહારાષ્ટ્ર) ફરીથી મુખ્યમંત્રી નહીં બને ત્યાં સુધી લોકોની પીડા ઓછી નહીં થાય.

### ૨૬ લક્ઝુરિયસ કાર સુકેશે ગુનાની કમાણીથી ખરીદી હતી

# સુકેશની ૨૬ લક્ઝરી કારની થશે હરાજી, દિલ્હી હાઈકોર્ટે કર્યો રસ્તો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

દિલ્હી હાઈકોર્ટે ૨૦૦ કરોડની છેતરપિંડીનો આરોપી સુકેશ ચંદ્રશેખરની પત્ની લીના પાલોઝાની અરજી ફગાવી દીધી છે. હાઈકોર્ટે સુકેશની મોંઘી લક્ઝરી કારની હરાજી કરવા માટે ઈડીને પરવાનગી આપતા નીચલી કોર્ટના આદેશને જાળવી રાખતા કારની હરાજી કરવાની મંજૂરી આપી છે. આ તમામ ૨૬ લક્ઝુરિયસ કાર સુકેશે ગુનાની કમાણીથી ખરીદી હતી. કોર્ટે ટીપ્પણી કરી હતી કે આ વાહનો ચોક્કસ સમય પછી તૂટી જશે. તેથી, હવે તેમની હરાજી કરવી વધુ સારું રહેશે. દિલ્હી હાઈકોર્ટમાં જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની ખંડપીઠે કહ્યું કે જો વાહનને લાંબા સમય સુધી કન્ટેનર વેરહાઉસમાં રાખવામાં આવે તો તેને નુકસાન થવાનું જોખમ રહેલું છે. જો કારને ઘણા વર્ષો સુધી ઉભી રાખવામાં આવે તો તેને કાટ લાગી શકે છે, જેના કારણે તે જંક બની જશે. જેના કારણે મોંઘી કારોને વધુ નુકસાન થઈ શકે છે.કોર્ટે કહ્યું કે રેન્જ રોવર, ફેરારી અને રોલ્સ રોયસ જેવી મોંઘી કારને પણ વધુ મેન્ટેનન્સની જરૂર પડે છે. તે જ સમયે, કોર્ટે ઈઢને કહ્યું છે કે જે પૈસા કારના વેચાણથી આવશે. તે રકમ ફિક્સ્ડ ડિપોઝિટ (FD) માં જમા કરવામાં આવશે.હાઈકોર્ટ પહેલા નીચલી કોર્ટે પણ ઈઢને આ કાર વેચવાની પરવાનગી આપી હતી. લીના પાલોઝની દલીલો પર સવાલ ઉઠાવતા કોર્ટે કહ્યું કે એક તરફ તમારી ડિપ્રેશનની વાત છે. જો કોઈ સમજદાર વ્યક્તિ પાસે ૨૬ કાર છે તો તેની પાસે તેની આવકનો પુરાવો પણ હોવો જોઈએ.દિલ્હી હાઈકોર્ટે સુકેશની ૨૬ લક્ઝરી કારની હરાજીનો રસ્તો સાફ કરી દીધો છે.

## વિશેષ

### અંદાજપત્ર ૨૦૨૪-૨૫ની સામાન્ય ચર્ચા પર કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ

# કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ નશીલા દ્રવ્યો, સૌંદર્ય પ્રસાધનો અને તબીબી ઉપકરણોનાં નિયમનની સમીક્ષા કરી

| નવી દિલ્હી |

"ફાર્મસી ઓફ ધ વર્લ્ડની આપણી વૈશ્વિક પ્રતિષ્ઠાને અનુરૂપ ભારત ડ્રગ્સ નિયમનમાં વૈશ્વિક નેતા બનવા માટે, આપણી કામગીરીના સ્કેલ અને આંતરરાષ્ટ્રીય અપેક્ષાઓ સાથે મેળ ખાતું વિશ્વ કક્ષાનું નિયમનકારી માળખું હોવું જરૂરી છે." કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી શ્રી જે પી નડ્ડાએ આજે અહીં દવાઓ, કોસ્મેટિક્સ અને તબીબી ઉપકરણોનાં નિયમનની સમીક્ષા કરતાં આ વાત કરી હતી. આ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ શ્રી અપૂર્વ ચંદ્રા, ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) ડૉ. રાજીવ સિંહ રઘુવંશી તથા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

દવાઓના અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર તરીકે ભારતની વૈશ્વિક સ્થિતિ પર પ્રકાશ પાડતા શ્રી જે પી નડ્ડાએ CDSCO પર ભાર મૂક્યો હતો, જે તેની ફરજિયાત પ્રવૃત્તિઓમાં વૈશ્વિક ધોરણો હાંસલ કરવા માટેની સમયરેખા સાથે એક રોડમેપ તૈયાર કરશે. તેમણે જણાવ્યું હતું કે, એકરૂપતા, ટેકનિકલ અપગ્રેડેશન અને ભવિષ્યવાદી અભિગમનાં સર્વોચ્ચ માપદંડો પર ધ્યાન કેન્દ્રિત કરીને અપસ્કેલિંગ સિસ્ટમ-આધારિત હોવું જરૂરી છે. તેમણે ભારપૂર્વક




જણાવ્યું હતું કે, દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સની નિકાસ માટે નિકાસ કરવામાં આવતી દવાઓની ગુણવત્તા જાળવવા માટે યોગ્ય હસ્તક્ષેપ માટે સિસ્ટમની રચના થવી જોઈએ. શ્રી નડ્ડાએ સીડીએસસીઓની કામગીરીમાં પારદર્શકતાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "વૈશ્વિક માપદંડો હાંસલ કરવા માટે, આપણું ધ્યાન સીડીસીએસઓ (CDCSO) અને દવાઓ અને તબીબી ઉપકરણોનાં ઉદ્યોગની અંદર પ્રક્રિયાઓની પારદર્શકતા પર કેન્દ્રિત હોવું જરૂરી છે." ડ્રગ્સ રેગ્યુલેટરી બોડી અને ઉદ્યોગ બંનેએ પારદર્શિતાના સર્વોચ્ચ સિદ્ધાંતો પર કામ કરવું જોઈએ જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે ભારત દ્વારા ઉત્પાદિત અને વેચાયેલા ઉત્પાદનો વૈશ્વિક ગુણવત્તા ધોરણોના ઉચ્ચતમ સૂચકાંકોને પૂર્ણ કરે છે, એમ તેમણે જણાવ્યું હતું. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, સીડીએસસીઓ માટે એ મહત્ત્વપૂર્ણ છે કે, તેઓ દવાઓ અને તબીબી ઉપકરણોનાં ઉદ્યોગ સાથે સતત સંવાદમાં રહે અને સીડીએસસીઓની ગુણવત્તાયુક્ત અપેક્ષાઓ અને માપદંડો પૂર્ણ કરવા તેમને ટેકો આપે. "અમારું ધ્યાન એવી પદ્ધતિઓ વિકસાવવા પર કેન્દ્રિત હોવું જોઈએ કે જે નિયમનકારી આવશ્યકતાઓની અંદર ડ્રગ્સ ઉદ્યોગ માટે સરળતાથી વ્યવસાય કરવાની ખાતરી આપે. આ માટે, સીડીએસસીઓ એક વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ સંસ્થા હોવી જરૂરી છે, જેમાં અત્યાધુનિક સુવિધાઓ વૈશ્વિક ધોરણો સાથે મેળ ખાતી હોય."

દવાઓના ઉત્પાદનમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ક્ષેત્રના વિષય પર અને ગુણવત્તાના ધોરણોને પહોંચી વળવા માટે લઘુ ઉદ્યોગો દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓ પર, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન "ચાલો આપણે એમએસએમઈ ક્ષેત્રની સમસ્યાઓને સમજીએ અને એક તરફ ઉત્પાદનોની તેમની ક્ષમતા અને ગુણવત્તાને મજબૂત કરવા માટે તેમને ટેકો આપીએ, અને બીજી તરફ નિયમનકારી આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે તેમને પ્રોત્સાહિત કરીએ."

શ્રી નડ્ડાને સીડીએસસીઓની ફરજિયાત પ્રવૃત્તિઓ, તેની સિદ્ધિઓ, ભવિષ્યની યોજનાઓ અને સીડીએસસીઓ દ્વારા સામનો કરવામાં આવતા વિવિધ મુદ્દાઓ અને પડકારો વિશે ટૂંકમાં જાણકારી આપવામાં આવી હતી. મંત્રીશ્રીને રૂ.૮૫૦ કરોડના બજેટ સાથે રાજ્યની દવા નિયમન વ્યવસ્થાને મજબૂત કરવા માટેની યોજનાની પ્રગતિ પર પણ જાણકારી આપવામાં આવી હતી, જે તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીને કેન્દ્ર અને રાજ્યનાં નશીલા દ્રવ્યો નિયમન કરતી સંસ્થાઓની ભૂમિકા અને જવાબદારીઓ તથા તેમની વચ્ચે સુસંગતતામાં ઊભા થયેલાં કેટલાંક પડકારો વિશે જાણકારી આપવામાં આવી હતી. આપણી નિયમનકારી મૂલ્ય શ્રૃંખલામાં રાજ્યો અભિન્ન અંગ છે એ બાબતની નોંધ લઈને શ્રી નડ્ડાએ રાજ્યો સાથે ખભેખભો મિલાવીને કામ કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, જેથી તેમનાં કૌશલ્યો અને ક્ષમતાઓમાં વધારો થઈ શકે તથા કેન્દ્ર સરકારનાં ગુણવત્તાનાં માપદંડો સાથે જોડાણ કરવા તેમને પ્રોત્સાહન પણ મળે. તેમણે ઉમેર્યું હતું કે, "સીડીએસસીઓ દ્વારા શરૂ કરવામાં આવેલી સારી ઉત્પાદન પદ્ધતિઓને વૈશ્વિક સ્તરે અપગ્રેડ કરવાની દ્રષ્ટિએ આ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે."

**ન્યૂઝ બ્રિફ**

## વરસાદને કારણે ગ્રામજનોએ નદીમાંથી અંતિમયાત્રા કાઢી

। (એજન્સી) વલસાડ, તા.૧૭ ।

વલસાડના ધરમપુરમાં નદીમાંથી અંતિમયાત્રા કાઢવા ગ્રામજનો મજબૂર બન્યા છે. ભેંસદરા ગામે લાવરી નદીમાંથી ગ્રામજનોએ અંતિમયાત્રા કાઢવાની ફરજ પડી હતી. વરસાદ બાદ નદીમાં જળસ્તર વધવાના કારણે સમસ્યા ઉભી થઈ છે. વૃદ્ધ મહિલાના મૃત્યુ બાદ નદીમાંથી અંતિમ યાત્રા નીકળી હતી. કોઝવેના અભાવે ગ્રામજનોને નદીમાંથી પસાર થવું પડે છે. ઉલ્લેખનીયછે કે ચોમાસાના પ્રારંભે વલસાડ જિલ્લામાં સારો વરસાદ વરસ્યો છે. નદી નાલાઓમાં નવા નીરની આવક થતા જળસ્તર વધ્યા છે.નદીમાં જળસ્તર ઊંચું હોવાના કારણે લોકોને સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## પાલનપુર અંબાજી હાઈવે પર વરસાદી પાણી ભરાયા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૭ ।

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં વરસાદ ધોધમાર વરસ્યો હતો. પાલન પુર ઉપરાંત અંબાજી વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. વરસાદને લઈ અંબાજી હાઈવે પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેને લઈ વાહન ચાલકોને વરસાદમાં સ્થાનિકોને પરેશાની વર્તાઈ રહી છે. પાલનપુર અંબાજી હાઈવે પર પસાર થવા સમસ્યાને લઈ લોકોએ અટવાઈ રહેવું પડે છે.અંબાજી હાઈવે પરની સમસ્યાને લઈ સ્થાનિકો વર્ષોથી પરેશાન છે. હાઈવે પર પાણી ભરાવાના લઈ હાઈવે પરથી પસાર થવું મુશ્કેલ બની જતુ હોય છે.

## કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવાની અફવા પર સરકારની સ્પષ્ટતા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

રાજ્યમાં સરકારી નોકરને લઈ એક સમાચાર વહેતા થયા હતા. જે પ્રમાણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરીને તેના સ્થાને કાયમી નોકરી આપવાની પ્રથા શરૂ કરવા માટે પહેલ કરી છે. વર્ગ ૩ અને વર્ગ ૪માં અત્યાર સુધી કોન્ટ્રાક્ટ પધ્ધતિથી સરકારી અને અર્ધ સરકારી કચેરીમાં કર્મચારીઓની ભરતી કરવામાં આવતી હતી. હવેથી આ પ્રકારની ભરતી બંધ કરવા માટે મુખ્ય સચિવ રાજકુમારને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આદેશ કર્યો હોવાના સમાચાર વહેતા થયા હતા.



અમદાવાદ જમાલપુર દરવાજાથી તાજીયા સાથે જુલુસ નીકળ્યું. તેમજ જુદા જુદા વિસ્તારોમાં ૯૩થી પણ વધુ તાજીયા નીકળ્યા હતાં.

### અંબાણી પરિવારની નાની વહુની જામનગરમાં એન્ટ્રી

## અનંત અને રાધિકા અંબાણી લગ્ન બાદ જામનગર પહોંચ્યા



। (એજન્સી) જામનગર, તા.૧૭ ।

અંબાણી પરિવારના નાના દિકરા અનંત અંબાણીના લગ્નનો કાર્યક્રમ પૂર્ણ થઈ ચૂક્યો છે. અનંત અને રાધિકા લગ્નના બંધનમાં બંધાય ચૂક્યા છે. બંન્નેના લગ્ન ખુબ જ શાહી સ્ટાઈલથી કરવામાં આવ્યા હતા. જેમાં બોલિવુડથી લઈ હોલિવુડ સહિત અનેક દિગ્ગજ હસ્તીઓ હાજર રહી હતી. જામનગર મુંબઈમાં જાજરમાન લગ્ન સમારોહ બાદ અંબાણી દંપતિની જામનગરમાં એન્ટ્રી થઈ છે. જામનગર એરપોર્ટ પર અનંત અંબાણી અને રાધિકા અંબાણીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. કપલ મુંબઈ થી જામનગર રાત્રે પહોંચ્યું હતુ. રાધિકા અને અનંત જામનગર પહોંચતા જ આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતુ. બંન્ને ખુલ્લી જીપમાં જોવા મળ્યા હતા. આ બંન્નેને જોવા માટે હજારોની સંખ્યામાં ચાહકો જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે, જામનગરમાં અનંત અંબાણીએ વનતારા શરુ કર્યું છે. આ શાનદાર સ્થળ પર અનંત અને રાધિકાનું પહેલી પ્રી વેડિંગ ફંકશન પણ રાખવામાં આવ્યું હતુ. જેમાં અનેક સ્ટાર જોવા મળ્યા હતા આ સાથે સ્પોર્ટસ જગતની હસ્તીઓ, બિઝનેસ મેન, તેમજ વિદેશી નેતાઓ પણ જોવા મળ્યા હતા.

### ED અને IT તપાસ કરશે

## સુરતમાં વ્યાજખોરે ૨ લાખનું ૬.૮૩ લાખ વ્યાજ વસૂલતાં ફરિયાદ થઈ

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

ગુજરાતમાં પોલીસ દ્વારા વ્યાજખોરો સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી કરવાની સાથે તાલુકા મથકે સેમિનાર યોજવામાં આવી રહ્યાં છે. ત્યારે સુરતમાં વ્યાજખોર ધર્મેન્દ્ર ઉર્ફે લાલીને ઉધના પોલીસે ઝડપ્યો હતો. તેનો તેના વિસ્તારમાં જ વરઘોડો કાઢીને તેની ઓફિસમાં તપાસ હાથ ધરી હતી.પોલીસે તેની ઓફિસનું તાળું તોડીને એન્ટ્રી લીધી હતી તેમજ તેની સંપત્તિ અંગે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરને પણ જાણ કરાશે. લાલીએ અલથાણના જમીન-દલાલને વ્યાજે આપેલા ૨ લાખની સામે ૬.૮૩ લાખ પડાવી લીધા બાદ વધુ ત્રણ લાખની માગણી કરી હતી. ૧૫ લાખની રકમનો ચેક લખાવી કોર્ટમાં ખોટા કેસ કરવાની તેમજ રૂપિયા નહીં આપે તો જીવતો નહીં રહેવા દેવાની ધમકી આપી હતી. ઉધના પોલીસે લાલી જે ઓફિસમાં બેસીને વ્યાજખોરીનો ધંધો કરતો હતો એ ઓફિસનાં તાળાંની ચાવી ન મળતાં ઓફિસના શટરનું તાળું હથોડા વડે તોડીને પ્રવેશ કર્યો હતો. ઓફિસની અંદર દસ્તાવેજ અને કાગળો લઈ તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસને જાણકારી મળી છે કે વ્યાજખોરી કરીને આરોપી લાલીએ કરોડો રૂપિયાની સંપત્તિ પણ બનાવી લીધી છે. આ સંપત્તિની તપાસ ટૂંક સમયમાં EDને સોંપવામાં આવશે. આ મામલે ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે ધર્મેન્દ્ર પાસે લાઈસન્સ છે જેનો દુરુપયોગ કરીને તે વ્યાજે રૂપિયા ફેરવતો હતો. નિયમ પ્રમાણે દોઢ ટકા જ વ્યાજ વસૂલી શકાય છે. પરંતુ આરોપી ૧૨થી ૧૫ ટકા લેખે વ્યાજ વસૂલતો હતો. લાલીએ જમીન-દલાલ આશિષ મુખીજા પાસેથી ૧૨ ટકા વ્યાજ સાથે નાણાં વસૂલી ઉપરથી ૧૫ લાખના ચેક લખાવી ધમકી આપી હતી. લાલી પર ભૂતકાળમાં અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે. આગામી દિવસોમાં વધુ ફરિયાદો દાખલ થાય એવી શક્યતા છે. આ સિવાય પોલીસ લાલી અને તેના પરિવારના નામે જેટલી મિલકતો છે.

## રેલવે સુરક્ષા બળ (આરપીએફ) એ છેલ્લા ૭ વર્ષના દરમિયાન 'ઓપરેશન નન્હે ફરિશ્તે' હેઠળ ૮૪,૧૧૯ બાળકોને બચાવ્યા

### છેલ્લા સાત વર્ષથી, રેલવે સુરક્ષા બળ (આરપીએફ) 'નન્હે ફરિશ્તે' નામના ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યું છે

। અમદાવાદ, તા.૧૭ ।

આ એક મિશન છે જે ભારતીય રેલવે ઝોનોમાં પીડિત બાળકોને બચાવવા માટે સમર્પિત છે. છેલ્લા સાત વર્ષ (૨૦૧૮-મે ૨૦૨૪) દરમિયાન, આરપીએફએ સ્ટેશનો અને ટ્રેનોમાં જોખમમાં અથવા જોખમમાં રહેલા ૮૪,૧૧૯ બાળકોને બચાવ્યા છે.

'નન્હે ફરિશ્તે' માત્ર એક ઓપરેશન કરતાં પણ વધુ છે; તે હજારો બાળકો માટે એક જીવનરેખા છે જેઓ પોતાને અનિશ્ચિત સંજોગોમાં શોધે છે. ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીનો ડેટા અતૂટ સમર્પણ, અનુકૂલનશીલતા અને સંઘર્ષ ક્ષમતાની વાર્તા દર્શાવે છે. દરેક બચાવ એ સમાજના સૌથી અસુરક્ષિત સદસ્યોની સુરક્ષા માટે RPFની પ્રતિબદ્ધતાનું એક પ્રમાણ છે.

વર્ષ ૨૦૧૮માં 'ઓપરેશન નન્હે ફરિશ્તે'ની મહત્વપૂર્ણ શરૂઆત થઈ. આ વર્ષે, આરપીએફએ કુલ ૧૭,૧૧૨ બાળ પીડિતોને બચાવ્યા. જેમાં બાળકો અને બાળકીઓ બંને શામિલ હતા. બચાવી લેવામાં આવેલા ૧૭,૧૧૨ બાળકોમાંથી ૧૩,૧૮૭ની ઓળખ ભાગેડુ બાળકો તરીકે કરવામાં આવી હતી, ૨૧૦૫ ગુમ થયા હતા, ૧૦૯૧ છૂટા પડ્યા હતા, ૪૦૦ બાળકો નિરાધાર, ૮૭ અપહરણ, ૭૮ માનસિક રીતે અશક્ત અને ૧૩૧ બેઘર બાળકો હોવાનું જાણવા મળ્યું હતું. વર્ષ ૨૦૧૮ માં જે આવી પેહેલની તાત્કાલિક જરૂરિયાતને પ્રકાશિત કરતા ઓપરેશન માટે એક મજબૂત પાયો રખાયો હતો

વર્ષ ૨૦૧૯ દરમિયાન, આરપીએફના પ્રયાસો સતત સફળ રહ્યા હતા અને બાળકો અને બાળકીઓ બંને સહિત કુલ ૧૫,૯૩૨ બાળકોને બચાવી લેવામાં આવ્યા હતા. બચાવી લેવાયેલા ૧૫,૯૩૨ બાળકોમાંથી ૧૨,૭૦૮ ભાગેડુ હતા, ૧૪૫૪ ગુમ, ૧૦૩૬ અલગ થયેલા, ૩૫૦ નિરાધાર, ૫૬ અપહરણ, ૧૨૩ માનસિક રીતે અસ્વસ્થ અને ૧૭૧ બેઘર બાળકો તરીકે ઓળખાયા હતા.

વર્ષ ૨૦૨૦ કોવિડ મહામારીને કારણે પડકારજનક હતું, જેણે સામાન્ય જીવનને ખોરવ્યું હતું અને કામગીરીને નોંધપાત્ર રીતે અસર કરી હતી. આ પડકારો છતાં, RPF ૫,૦૧૧ બાળકોને બચાવવામાં સફળ રહ્યું હતું.

વર્ષ ૨૦૨૧ દરમિયાન, આરપીએફ એ તેની બચાવ કામગીરીમાં પુનરુત્થાન જોયું, જેનાથી ૧૧,૯૦૭ બાળકોને બચાવ્યા હતા. આ વર્ષે શોધાયેલ અને સરંક્ષિત કરવામાં આવેલ બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો, જેમાં ૯૬૦૧ બાળકો ભાગેડુ તરીકે ઓળખાયા, ૯૬૧ ગુમ થયા રૂપમાં, ૬૪૮ અલગ થયેલા, ૩૭૦ નિરાધાર, ૭૮ અપહરણ, ૮૨ માનસિક રૂપથી વિકલાંગ અને ૧૨૩ બેઘર બાળકો તરીકે ઓળખાયા હતા.

વર્ષ ૨૦૨૩ દરમિયાન, આરપીએફ ૧૧,૭૯૪ બાળકોને બચાવવામાં સફળ રહ્યું હતું. તેમાંથી ૮૯૧૬ બાળકો ઘરેથી ભાગેડુ હતા, ૯૮૬ ગુમ થયા હતા, ૧૦૫૫ અલગ થયા હતા, ૨૩૬ નિરાધાર હતા, ૧૫૬ અપહરણ થયા હતા, ૧૧૨ માનસિક રૂપથી વિકલાંગ હતા અને ૨૩૭ બેઘર બાળકો હતા. આરપીએફએ આ અસુરક્ષિત બાળકોની સુરક્ષા અને સારી કાળજી લેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

૨૦૨૪ના પ્રથમ પાંચ મહિનામાં આરપીએફએ ૪,૬૦૭ બાળકોને બચાવ્યા છે. જેમાં ૩૪૩૦ ઘરેથી ભાગેડુ બાળકોને બચાવી લેવામાં આવ્યા છે, પ્રારંભિક વલણો ઓપરેશન 'નન્હે ફરિશ્તે' માટે સતત પ્રતિબદ્ધતાની સાક્ષી આપે છે. આ સંખ્યાઓ બાળકો ભાગી જવાની સતત સમસ્યા અને તેમના માતા-પિતા પાસે સુરક્ષિત રીતે પરત કરવાના આરપીએફના દ્વારા કરેલ પ્રયાસો બંને દર્શાવે છે.

આરપીએફ એ તેના પ્રયત્નો દ્વારા, ન માત્ર બાળકોને બચાવ્યા છે, બલકે ઘરેથી ભાગેડુ અને ગુમ થયેલા બાળકોની દુર્દશા વિશે પણ જાગૃતિ વધારી છે, જે આગળની કાર્યવાહી અને વિવિધ હિતધારકો નું સમર્થન મળ્યું. આરપીએફના ઓપરેશન ના દાયરાઓ સતત વધી રહ્યા છે, દરરોજ નવા પડકારોનો સામનો કરીને ભારતના વિશાળ રેલવે નેટવર્કમાં બાળકો માટે સુરક્ષિત વાતાવરણ ઊભું કરવા માટે કરી રહ્યા છે.

ટ્રેક ચાઈલ્ડ પોર્ટલ પર બાળકો વિશે સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે. ૧૩૫ થી વધુ રેલવે સ્ટેશનો પર ચાઈલ્ડ હેલ્પડેસ્ક ઉપલબ્ધ છે.

આરપીએફ બચાવેલા બાળકોને જિલ્લા બાળ કલ્યાણ સમિતિને સોંપે છે. જિલ્લા બાળ કલ્યાણ સમિતિ બાળકોને તેમના માતાપિતાને સોંપે છે.

## થરા માર્કેટ યાર્ડમાં ચેરમેન સહિત સભ્યોની પાંચ વર્ષની મુદત પૂરી થતાં વહીવટદાર તરીકે જિલ્લા રજિસ્ટારે ચાર્જ સંભાળ્યો

। (પ્રતિનિધી) થરા, તા.૧૭ ।




બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં આવેલ કાંકરેજ તાલુકાના થરા નગરમાં ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ થરાના ચૂંટાયેલા ચેરમેન સભ્યોની મુદત તારીખ ૨૦/૦૬/૨૦૨૪ના રોજ પાંચ વર્ષની પૂરી થતાં ખેતી ખેત બજાર ધારા અધિનિયમની કલમ-૧૧ હેઠળ જે બજાર સમિતિની સામાન્ય ચૂંટણીના પ્રથમ ચેરમેનના ચૂંટાયા બાદ મુદત પૂરી થાય અને આગળની ચૂંટણી ન થઈ હોય ત્યાં વહીવટદારની નિમણૂક કરવાની થાય છે તે અંતર્ગત આ કાયદાની જોગવાઈ ધ્યાનમાં લઈ લોકસભા ચૂંટણી ૨૦૨૪ની આચારસંહિતા હોય તે પછી ગુજરાત સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરના તારીખ ૧૬/૦૭/૨૦૨૪ ના હુકમથી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-માર્કેટયાર્ડ થરાના વહીવટદાર તરીકે નાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર તથા જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ બનાસકાંઠા પાલનપુર યુવરાજસિંહ એન ચૌહાણની નિમણૂક કરતા તારીખ ૧૭/૦૭/૨૦૨૪ના સવારે ૧૦:૦૦ કલાકે થરા માર્કેટ યાર્ડ ખાતે જિલ્લા રજિસ્ટાર વાય.એન. ચૌહાણ આવી ચાર્જ સંભાળ્યો હતો. કાંકરેજ તાલુકાના થરા નગરમાં આવેલ માર્કેટ યાર્ડના ચેરમેનપદે ૨૦૦૨થી આણદાભાઈ રામાપટેલ આરૂઢ છે. તેઓ સતત બિન હરિફ ચેરમેનપદે રહયા હતા. આ અગાઉ તા.૨૫/૧૦/૨૦૦૦થી તા.૦૮/૦૮/૨૦૦૨ અને તા.૨૧/૦૫/૨૦૧૯થી તા.૨૦/૦૬/૨૦૧૯ સુધી એમ જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ બનાસકાંઠા પાલનપુરે ચાર્જ સંભાળેલ. આગામી દિવસોમાં થરા માર્કેટ યાર્ડની સામાન્ય ચૂંટણીની જાહેરાત થાય તેવી શક્યતા છે.ચૂંટણી પછી ચેરમેન વાઈસ ચેરમેન ચૂંટાય ત્યાં સુધી વહીવટદાર તરીકે જિલ્લા રજિસ્ટાર રહેશે.

## થરા વડા નજીક ગાયની હડફેટે બાઈક ચાલક : બાઈક ચાલક-ગાય બન્ને ઈજાગ્રસ્ત થતાં સારવારાર્થે ખસેડવામાં આવ્યા




તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૭ ।

કાંકરેજ તાલુકાના થરા નગરમાં જાહેર રસ્તા અને શાળાઓ,બસ સ્ટેન્ડ આગળ રખડતાં ગાયો-અખલાઓનો ત્રાસ એટલો બધો વધી ગયો છે કે વૃદ્ધો બાળકો જ નહી યુવાનો પણ ભોગ બની રહ્યા છે હાઈકોર્ટના આદેશ છતાં રખડતા ઢોરો બાબતે વહીવટી તંત્ર અંખ આડાં કાન કરી રહ્યું છે.ત્યારે હવે લોકો બહાર નિકળતા ગભરાઈ રહયા છે ત્યારે થરા વડા હાઈવે રોડ જે ચોવીસ કલાક ધમધમે છે તેના ઉપર અનેક જગ્યાએ રખડતાં ઢોરોના કારણે અવાર નવાર નાના મોટા વાહનોને અડફેટે લેતાં ગંભીર રીતે અકસ્માત સર્જાય છે ગત રોજ થરા વડા નજીક એક બાઈક ચાલક પસાર થઈ રહયો હતો ત્યાં અચાનક એક ગાય આડે આવતા બાઈક ચાલક સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા બાઈક ગાયને અથડાતાં સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ ઘટના સ્થળે પહોંચીને ઈજાગ્રસ્ત અશ્વિનજી ઠાકોર નામના યુવકને સારવાર અર્થે થરા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેમાં અન્ય બીજા બે લોકોને ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે હવે થરા પાલિકા અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આવા રખડતાં ઢોરોને પકડવાની ઝુંબેશ હાથ ધરાય તેમજ જાહેર રોડ કે શાળાઓ પાસે સડેલા શાકભાજી નાખતા વેપારીઓને યોગ્ય સજા થાય તેવું થરા નગરની પ્રજા ઈચ્છે છે. શું થરા નગરમાંથી રખડતાં ઢોરોનો ત્રાસ ઓછો થાય તેવા પ્રયત્નો હાથ ધરાશે ખરું ?

## આંગડિયા પેઢીના ૪૦ લાખ લૂંટનારા આખરે ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

તાજેતરમાં અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આંગડિયા પેઢીના કર્મચારીને માર મારીને ૪૦ લાખની લુંટનો બનાવ બન્યો હતો. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ ચોરી કરેલા એકટીવાનો કલર બદલીને લૂંટને અંજામ આપ્યો હોવાની વિગતો સામે આવી છે. તે ઉપરાંત જાન્યુઆરી ૨૦૨૩માં જમાલપુરમાં થયેલી લૂંટનો ગુનો અને એલીસબ્રીજમાં થયેલી લૂંટનો ગુનો આરોપીની બાઈક ચલાવવાની સ્ટાઈલથી ઉકલેવામાં આવ્યો છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ૧૦ જુલાઈના રોજ કલગી ચાર રસ્તાથી લૉ ગાર્ડન તરફ આર.કાંતિલાલ આંગડિયા પેઢીના બે કર્મચારીઓ રીક્ષામાં બેસીને ૪૦ લાખની રોકડ લઈને જઈ રહ્યા હતા. જે રીક્ષાને એક્ટિવા પર આવેલા બે શખ્સોએ રોકી હતી અને થેલો ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો.આ દરમિયાન ઝપાઝપી થઈ હતી જેથી એક્ટિવા આવેલા વ્યક્તિએ એરગનથી ફાયરિંગ કર્યું હતું. બંદૂક દ્વારા આંગડિયા પેઢીના કર્મચારીને માથામાં ઈજા કરી હતી. ૪૦ લાખ રૂપિયા લૂંટીને બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. એલીસબ્રીજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી તેની સાથે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પણ તપાસ શરૂ કરાઈ હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એકટીવાના નંબર અંગે તપાસ કરી તો નંબર પ્લેટ ખોટી હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૪૦૦ જેટલા સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. આ તપાસ દરમિયાન એક્ટિવા પણ ચોરીનું હોવાનું સામે આવ્યું હતું. જે સફેદ કલરનું હતું પરંતુ તેને કાળો કલર કરવામાં આવ્યો હતો. આરોપીઓએ એક્ટિવા લઈ ફતેવાડી વિસ્તારમાં જઈને કપડા બદલી દીધા હતા.

## SIT મુખ્ય આરોપીને બચાવી રહી છે : ઈન્દ્રનીલ રાજ્યગુરૂ

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

ગુજરાતનો સૌથો મોટા લોકમેળાને લઈને તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. લોકો પણ આ લોકમેળામાં આવવા આતુર છે. આ લોકમેળામાં આ વખતે ટીઆરપી અગ્નિકાંડમાં સરકારની રહેલી ખામીઓ દર્શાવતો સ્ટોલ જોવા મળે તો નવાઈ નહીં. કોંગ્રેસ દ્વારા સરકારની ખામીઓને ઉજાગર કરતો સ્ટોલ નાખવાની તૈયારીઓ દર્શાવી છે. આ અંગે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર પાસે મંજૂરી પણ માગવામાં આવશે.જો જિલ્લા વહીવટી તંત્ર કોંગ્રેસને મંજૂરી આપશે તો કોંગ્રેસ સરકારની ખામીઓ ઉજાગર કરતો સ્ટોલ લોક મેળામાં નાખશે. રાજકોટમાં આજે કોંગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં કોંગ્રેસી નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ કહ્યું હતુ કે "લોક મેળામાં TRP ગેમ ઝોન અગ્નિકાંડ અંગે લોકોની જાગૃતતા માટે સ્ટોલની માંગ કરીશું. જો સરકાર લોકમેળામાં પોતાની વાહવાહીના સ્ટોલ મુકતા હોય છે તો અમારો પણ TRP ગેમ ઝોનના પિડીતોના ન્યાય માટેની માંગ કરતો સ્ટોલ મૂકવો અમારો હક છે." પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે શું જિલ્લા વહીવટી તંત્ર આવી કોઈ મંજૂરી આપશે? કોંગ્રેસ દ્વારા આગામી દિવસોમાં યોજાનારા કાર્યક્રમ અંગે પણ કહ્યું હતું કે તેઓ આગામી સમયમાં પણ વિરોધ કરશે. TRP ગેમ ઝોનની લઈને ઈન્દ્રનીલ રાજ્યગુરૂનું મોટું નિવેદન આપ્યું હતું. તેઓએ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, એમ ડી સાગઠિયાની ધરપકડ કરીને SIT મુખ્ય આરોપીને બચાવી રહી છે. સાગઠિયા પકડાયો છે પરંતુ મુખ્ય આરોપી હજુ બહાર છે. લાંચ લેનાર અંદર છે, લાંચ આપનાર હજુ બહાર છે. સાગઠિયાએ પદાધિકારીઓના નામ આપ્યા છે. રૂપાપ રાનું નામ આપ્યું છે પરંતુ સરકાર કોઈ એક્શન લેતી નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨